Extra No. 54

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, JANUARY 22, 2026 / MAGHA 2, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી *જાહેરનામા ક્રમાંક (૧) જીએચએન-૮૦-જીએસટી-૨૦૨૨/એસ.૧૬૪(૮૧)ઠ. તા.૧૬મી ડિસેમ્બર, ૨૦૨૨. (૨) જીએચએન-૮૪-જીએસટી-૨૦૨૨/એસ.૯(૧)(૫૦)ઠ. તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨. (૩) જીએચએન-૮૬-જીએસટી-૨૦૨૨/એસ.૧૧(૧)(૬૮)ઠ. તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨. (૪) જીએચએન-૮૮-જીએસટી-૨૦૨૨/ એસ.૧૬૪(૮૩)ઠ. તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨. (૫)(જીએચએન-૧૧) જીએસટી-૨૦૨૩/એસ.૯(૧)(૫૧)જીએસટી. તા.૧લી માર્ચ, ૨૦૨૩.

(૬) (જીએચએન-૧૩) જીએસટી-૨૦૨૩/એસ.૧૧(૧)(૭૦)જીએસટી. તા.૧લી માર્ચ, ૨૦૨૩. (૭) (જીએચએન-૨૭) જીએસટી-૨૦૨૩/એસ.૧૨૮(૩૭)જીએસટી સેલ. તા.૨૦મી એપ્રિલ, ૨૦૨૩. (૮) (જીએચએન-૨૯) જીએસટી-૨૦૨૩/એસ.૧૨૮(૩૮)જીએસટી સેલ. તા.૨૦મી એપ્રિલ, ૨૦૨૩. (૯) (જીએચએન-૩૧) જીએસટી-૨૦૨૩/એસ.૧૬૮૬(૧૪)-જીએસટી સેલ. તા.૨૦મી એપ્રિલ, ૨૦૨૩. (૧૦) (જીએચએન-૩૩) જીએસટી-૨૦૨૩/એસ.૧૪૮(૪૧)-જીએસટી સેલ. તા.૨૦મી એપ્રિલ, ૨૦૨૩. (૧૧) (જીએચએન-૩૮) જીએસટી-૨૦૨૩/એસ.૪૮(૪)(૧૧)-જીએસટી સેલ. તા.૨જી જૂન, ૨૦૨૩. (૧૨) (જીએચએન-૪૪) જીએસટી-૨૦૨૩/એસ.૧૪૮(૪૩)-જીએસટી સેલ. તા.૨૭મી જુલાઈ, ૨૦૨૩. (૧૩) (જીએચએન-૪૬) જીએસટી-૨૦૨૩/એસ.૧૨૮(૪૧)-જીએસટી સેલ. તા.૨૭મી જુલાઈ, ૨૦૨૩. (૧૪) (જીએચએન-૪૮) જીએસટી-૨૦૨૩/એસ.૯(૧)(૫૩)-જીએસટી સેલ. તા.૨૭મી જુલાઈ, ૨૦૨૩. (૧૫) (જીએચએન-૫૦) જીએસટી-૨૦૨૩/એસ.૯(૩)(૨૦)-જીએસટી સેલ. તા.૨૭મી જુલાઈ, ૨૦૨૩. (૧૬) (જીએચએન-૫૨) જીએસટી-૨૦૨૩/એસ.૧૧(૧)(૭૩)-જીએસટી સેલ. તા.૨૭મી જુલાઈ, ૨૦૨૩. અને (૧૭) (જીએચએન-૫૯) જીએસટી-૨૦૨૩/એસ.૧૫૮(૬)(૧)-જીએસટી સેલ. તા.૨૪મી ઓગસ્ટ, ૨૦૨૩.-ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેશ. આર. રાઠોડ,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to The Gujarat Goods and Services Tax Rules, 2017

ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ સુધારવા સંબંધી
જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ડિસેમ્બર, ૨૦૨૨

જાહેરનામા ક્રમાંક. ૨૨/૨૦૨૨-રાજ્ય વેરા

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: જીએચએન-૮૦-જીએસટી-૨૦૨૨/એસ.૧૬૪(૮૧)ઠ: ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૧૬૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ:

(૧) આ નિયમો ગુજરાત માલ અને સેવા વેરા (તૃતીય સુધારા) નિયમો, ૨૦૨૨ કહેવાશે.

(૨) તે સન ૨૦૨૨-ના નવેમ્બર મહિનાની ૧૬મી તારીખથી અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

૨. ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નમૂના જીએસટીઆર - ૯-માં, સૂચના એ શીર્ષક નીચે, પરિચ્છેદ ૭-માં,-

(ક) "એપ્રિલ ૨૦૨૨-થી સપ્ટેમ્બર ૨૦૨૨-વચ્ચે", એ આંકડા, અક્ષરો અને શબ્દોને બદલે,

"એપ્રિલ ૨૦૨૨ થી ઓક્ટોબર ૨૦૨૨-ના" એ આંકડા, અક્ષરો અને શબ્દો મૂકવા;

(ખ) કોષ્ટકમાં, બીજી કોલમમાં,-

(૧) અનુક્રમાંક ૧૦ અને ૧૧ સામે, "એપ્રિલ ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૨" એ આંકડા, અક્ષર અને શબ્દોને બદલે, "એપ્રિલ ૨૦૨૨ થી ઓક્ટોબર ૨૦૨૨ અને ૩૦મી નવેમ્બર, ૨૦૨૨-સુધી" એ આંકડા, અક્ષરો અને શબ્દો મૂકવા;

(૨) અનુક્રમાંક ૧૨ સામે, "એપ્રિલ ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૨" એ આંકડા, અક્ષર અને શબ્દોને બદલે, "એપ્રિલ ૨૦૨૨ થી ઓક્ટોબર ૨૦૨૨ અને ૩૦-મી નવેમ્બર, ૨૦૨૨ સુધી" એ આંકડા, અક્ષરો અને શબ્દો મૂકવા;

(૩) અનુક્રમાંક ૧૩ સામે, "એપ્રિલ ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૦૨૨" એ આંકડા, અક્ષર અને શબ્દોને બદલે, "એપ્રિલ ૨૦૨૨ થી ઓક્ટોબર ૨૦૨૨ અને ૩૦-મી નવેમ્બર, ૨૦૨૨ સુધી" એ આંકડા, અક્ષરો અને શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Finance Department, No. (GHN-31) GST-2017/S.9 (1) (1)-TH dated the 30th June, 2017, Notification No. 1/2017-State Tax (Rate)

ગુજરાત સરકાર, નાણા વિભાગનું તારીખ. ૩૦મી જૂન ૨૦૧૭નું જાહેરનામું
ક્રમાંક. (જીએચએન-૩૧) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧) (૧)-ઠ,
જાહેરનામું ક્રમાંક. ૧/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨). સુધારવા સંબંધી
જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨

જાહેરનામું ક્રમાંક. ૧૨/૨૦૨૨- રાજ્ય વેરો (૬૨)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: જીએચએન-૮૪-જીએસટી-૨૦૨૨/એસ.૯(૧)(૫૦)ઠ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૯-ની પેટા-કલમ (૧) અને કલમ ૧૫-ની પેટા-કલમ (૫)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક. (જીએચએન-૩૧) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૧)-ઠ, જાહેરનામા ક્રમાંક. ૦૧/૨૦૧૭ રાજ્ય વેરો (૬૨)-માં નીચે પ્રમાણે વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં,-

ક. અનુસૂચિ ૧-માં - ૨.૫%, -

૧. અનુક્રમાંક ૧૦૨ક-સામે, કોલમ (૩)માંની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

"મોટર સ્પિરિટ (પેટ્રોલ) સાથે મિશ્રણ કરવા માટે ઓઈલનું વેચાણ કરતી કંપનીઓ અથવા પેટ્રોલિયમ (ખનિજ) રિફાઈનરીઓને પૂરું પાડવામાં આવેલ ઈથાઈલ આલ્કોહોલ";

૨. અનુક્રમાંક ૧૦૩ક-સામે, કોલમ (૩)માંની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

"અનાજ અથવા શિંગોવાળા છોડોને ચાળીને, દળીને અથવા અન્ય પ્રક્રિયા કરીને મેળવેલ, ભૂસું, શાર્પ અને અન્ય અવશેષો (ઝીંગાના ભોજન અને પ્રોનના ભોજન, મરઘાના ભોજન અને પશુ-દાણ સહિતના દરિયાઇ જીવોના ભોજન સિવાય, જેમાં ઘાસ, સૂકું ઘાસ અને ગોતર, છોતરા સહિત કઠોળનો વધારાનો ભાગ અને ઉમેરણ, ફોતરા, ચુનિ/ચુરી, ખાંડા, ઘઉંની કુશકી (ફોતરી) અને ડિ-ઓઈલ્ડ કેક સહિતનો ઘન કચરો.);

ખ. અનુસૂચિ ૨ - ૬% માં,-

૧. અનુક્રમાંક ૪૮ સામે, કોલમ (૩)માંની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

"ફળનો માવો અથવા ફળના રસ આધારિત પીણા (ફળોના પીણાના કાર્બોનેટેડ પીણાં અથવા ફળના રસ સાથે કાર્બોનેટેડ પીણાં (બેવરેજિસ) સિવાય)";

૨. અનુક્રમાંક ૧૮૦-સામે, કોલમ (૩)માંની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

"ગણિતીય (મેથેમેટિકલ) બોક્સ, ભૌમિતિક બોક્સ અને કલર બોક્સ";

ગ. અનુસૂચિ ૩-૯% માં, અનુક્રમાંક ૨૫-સામે, કોલમ (૩)માંની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

"ઈથાઈલ આલ્કોહોલ અને અન્ય મદ્યાર્કવાળો દારૂ, કોઈપણ માત્રામાં ડિનેચર્ડ (મદ્યાર્કને અપેય બનાવેલું) [મોટર સ્પિરિટ (પેટ્રોલ) સાથે મિશ્રણ કરવા માટે ઓઈલનું વેચાણ કરતી કંપનીઓ અને પેટ્રોલિયમ (ખનિજ) રિફાઈનરીઓને પૂરું પાડવામાં આવેલ ઈથાઈલ આલ્કોહોલ સિવાય]";

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુવરાજસિંહ જાડેજા,

સેક્શન અધિકારી.

NOTIFICATION

Regarding

Amendment to the notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-36) GST-2017/S.(11)(1)(1)-TH, Dated the 30th June, 2017, Notification No.2/2017-State Tax (Rate)

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭-નું જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૬) જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧)(૧)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૨/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨) સુધારવા સંબંધી જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨

જાહેરનામું ક્રમાંક. ૧૩/૨૦૨૨- રાજ્ય વેરો (૬૨)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: જીએચએન-૮૬-જીએસટી-૨૦૨૨/એસ.૧૧(૧)(૬૮)ઠ: ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૧૧ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, જાહેર હિતમાં તેમ કરવું જરૂરી છે તેવી ખાતરી થયેથી, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૬) જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧)(૧)-ઠ, જાહેરનામા ક્રમાંક: ૨/૨૨૦૧૭-રાજ્ય વેરો (૬૨)-માં, નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં,-

(૧) અનુક્રમાંક ૧૦૨ ની સામે, કોલમ (૩)માં, નોંધને બદલે, નીચેને નોંધ મૂકવી:-

"શ્રિમ્પ (નાના ઝીંગા)ના ખોરાક અને પ્રોન (મોટા ઝીંગા)ના ખોરાક સહિતનો જળચર ખોરાક, ઘાસ, સૂકું ઘાસ (hay) અને તણખલા સહિતનું મરઘાં ચણ અને ઢોરનું નીરણ, પૂરક આહાર અને પશુદાણ, [ચોખાના ભૂસા સિવાય] ઉમેરો કરેલ ઘઉંનું ભૂંસું અને ડી-ઓઈલ્ડ કેક";

(૨) અનુક્રમાંક ૧૦૨ ખ અને તેને લગતી નોંધો પછી, નીચેનો અનુક્રમાંક અને નોંધો દાખલ કરવી:-

(૧)	(૨)	(૩)
''૧૦૨ ગ	૨૩૦૨, ૨૩૦૯	ચિલ્કા સહિત કઠોળનો ભૂકો, ચુની/ચુરી, ખંડા સહિત કૉન્સન્ટ્રેટ (મિશ્ર પશુ આહાર)'';

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુવરાજસિંહ જાડેજા,

સેક્શન અધિકારી.

NOTIFICATION

Under

The Gujarat Goods and Services Tax Act, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ
જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૨

જાહેરનામું ક્રમાંક. ૨૬/૨૦૨૨-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ જીએચએન-૮૮-જીએસટી-૨૦૨૨/એસ.૧૬૪(૮૩)૬.- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૧૬૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭, વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ:

(૧) આ નિયમો ગુજરાત માલ અને સેવા વેરા (પાંચમા સુધારા) નિયમો, ૨૦૨૨ કહેવાશે.

(૨) આ નિયમોમાં અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, તે સન ૨૦૨૨ના ડિસેમ્બર મહિનાની ૨૬મી તારીખથી અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

૨. ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ (જેનો આમાં હવે પછી, સદરહુ નિયમો તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૮માં,-

(૧) પેટા-નિયમ (૧)માં, ''મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ'' એ શબ્દો અને અક્ષર કમી કરવા;

(૨) પેટા-નિયમ (૨)માં, ખંડ (ક)માં, ''સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા નિભાવવામાં આવેલા માહિતીસંગ્રહ (database) માંથી, કોમનપોર્ટલ દ્વારા, કાયમી ખાતા નંબરનું ઓનલાઈન સમર્થન કરવું જોઈશે'' એ શબ્દો પછી, '' અને કાયમી ખાતા નંબર સાથે જોડાયેલા મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ પર મોકલવામાં આવેલા અલગ વન-ટાઈમ પાસવર્ડ મારફત પણ ખરાઈ કરવી જોઈશે.'' એ શબ્દો અને અક્ષર દાખલ કરવા;

(૩) પેટા-નિયમ (૨) માં, ખંડો (ખ) અને (ગ) કમી કરવા;

(૪) પેટા-નિયમ (૪ક)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

''(૪ક) આધાર નંબરની પ્રમાણભૂતતા પસંદ કરી હોય અને ડેટા વિશ્લેષણ અને જોખમ માપદંડોના આધારે સામાન્ય પોર્ટલ પર તેની ઓળખ કરવામાં આવી હોય તેવી કલમ ૨૫ ની પેટા-કલમ (૬ઘ) હેઠળ જાહેર કરેલી હોય તે વ્યક્તિ સિવાયની વ્યક્તિ દ્વારા પેટા-નિયમ (૪) હેઠળ કરવામાં આવેલી દરેક અરજી, કલમ ૨૫ ની પેટા-કલમ (૬ગ) હેઠળ જાહેર કર્યા મુજબના અરજદારના સંબંધમાં વ્યક્તિગત અથવા આવી વ્યક્તિઓ હોય, ત્યારે અરજદારના બાયોમેટ્રિક-આધારિત આધાર પ્રમાણીકરણ દ્વારા અને ફોટોગ્રાફ લઈને અનુસરવામાં આવશે, અરજદાર વ્યક્તિગત ન હોય, ત્યારે આ પેટા-નિયમના હેતુ માટે કમિશનર દ્વારા જાહેર કરવામાં આવેલા સુવિધા કેન્દ્રોમાંથી કોઈ એક પર નમૂના જીએસટી આરઈજી-૦૧ માં અરજી સાથે અપલોડ કરેલા દસ્તાવેજોની મૂળ નકલની ખરાઈ સાથે અને પેટા-નિયમ હેઠળ નિયત કરેલી કાર્યવાહી પૂર્ણ થયા પછી જ અરજી પૂર્ણ હોવાનું માનવામાં આવશે.'';

(૫) પેટા-નિયમ (૫)માં, ''પેટા-નિયમ (૪)'' એ શબ્દો, કોંસ અને આંકડા પછી, ''પેટા-નિયમ (૪ક)'' એ શબ્દો, કોંસ, આંકડા અને અક્ષર દાખલ કરવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૯માં,-

(૧) પેટા-નિયમ (૧)માં, પરિચ્છેદમાં, ખંડ (ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

''(કક) નિયમ ૮ના પેટા-નિયમ (૪ક)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આધાર નંબરનું પ્રમાણીકરણ કરાવ્યું હોય, તેવી વ્યક્તિને ધંધાના સ્થળોની પ્રત્યક્ષ ખરાઈ હાથ ધરવા માટે ડેટા વિશ્લેષણ અને જોખમના માપદંડોના આધારે, સામાન્ય પોર્ટલ પર ઓળખવામાં આવે છે; અથવા''

(૨) પેટા-નિયમ (૨)માં, પરિચ્છેદમાં, ખંડ (ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

''(કક) નિયમ ૮ના પેટા-નિયમ (૪ક)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આધાર નંબરનું પ્રમાણીકરણ કરાવ્યું હોય, તેવી વ્યક્તિને ધંધાના સ્થળોની પ્રત્યક્ષ ખરાઈ હાથ ધરવા માટે ડેટા વિશ્લેષણ અને જોખમના માપદંડોના આધારે, સામાન્ય પોર્ટલ પર ઓળખવામાં આવે છે; અથવા''

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૨ માં, પેટા-નિયમ (૩)માં, ''અધિનિયમ'' એ શબ્દ પહેલા, ''પેટા-નિયમ (૨) હેઠળ જેને રજિસ્ટ્રેશન આપવામાં આવ્યું હોય તેવી વ્યક્તિ દ્વારા લેખિતમાં કરેલી વિનંતી પર'' એ શબ્દો, કોંસ અને આંકડા દાખલ કરવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૩૭માં, પેટા-નિયમ (૧)માં, સન ૨૦૨૨ ના ઓક્ટોબર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તે રીતે,-

(૧) ''ચૂકવવાપાત્ર વેરા સાથે'' એ શબ્દો પછી, ''સંપૂર્ણત: અથવા અંશત:'' એ શબ્દો દાખલ કરવા;

(૨) ''ચૂકવવી જોઈશે'' એ શબ્દો પછી, '''અથવા ''ઉલટાવવી જોઈશે'' એ શબ્દો દાખલ કરવા;

(૩) ''આવા પુરવઠાના સંબંધમાં'' એ શબ્દો પહેલા, ''પુરવઠાકારને ન ચૂકવેલી રકમના પ્રમાણમાં'' એ શબ્દો દાખલ કરવા.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૩૭ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

''૩૭ક. પુરવઠાકાર દ્વારા વેરાની ચુકવણી ન કરવાના કિસ્સામાં ઈનપુટ વેરા શાખને ઉલટાવવા અને તેને પુન:ઉપલબ્ધ કરવા બાબત.- વેરા મુદત માટે નમૂના જીએસટીઆર-૩ખમાં પત્રકમાં રજિસ્ટર થયેલ વ્યક્તિએ ઈનપુટ વેરા શાખ મેળવી હોય, ત્યારે આવું ભરતિયું અથવા આવી ઉધાર નોંધના સંબંધમાં, નમૂના જીએસટીઆર-૧માં અથવા ભરતિયું રજૂ કરવાની સુવિધાનો ઉપયોગ કરીને, જાવક પુરવઠાના પત્રકમાં જેની વિગતો રજૂ કરવામાં આવી હોય, પરંતુ નાણાકીય વર્ષના અંત પછીના સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખ સુધી આવા પુરવઠાકાર દ્વારા જાવક પુરવઠાના સદરહુ પત્રકને તત્સમાન વેરા મુદત માટે નમૂના જીએસટીઆર-૩ખમાં પત્રક રજૂ કરવામાં આવ્યું ન હોય, જેમાં આવું ભરતિયું અથવા ઉધાર નોંધના સંબંધમાં ઈનપુટ વેરા શાખ મેળવી હોય, ત્યાં આવા નાણાકીય વર્ષના અંત પછીના નવેમ્બર મહિનાની ૩૦મી તારીખ અથવા તે પહેલાં નમૂના જીએસટીઆર-૩ખમાં પત્રક રજૂ કરતી વખતે, ઈનપુટ વેરા શાખની સદરહુ રકમ, સદરહુ રજિસ્ટર થયેલ વ્યક્તિ દ્વારા ઉલટાવવામાં આવશે:

પરંતુ રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા ઈનપુટ વેરા શાખની સદરહુ રકમ, જે નાણાકીય વર્ષ દરમિયાન આવી ઈનપુટ વેરા શાખ મેળવવામાં આવી હોય તેવા નાણાકીય વર્ષના અંત પછીના નવેમ્બર મહિનાની ૩૦મી તારીખ અથવા તે પહેલાં નમૂના જીએસટીઆર-૩ખમાં પત્રકમાં ઉલટાવવામાં ન આવે, ત્યારે આવી રકમ, સદરહુ વ્યક્તિ દ્વારા કલમ ૫૦ હેઠળ તેના પરના વ્યાજ સાથે ચૂકવવાપાત્ર રહેશે:

વધુમાં, સદરહુ પુરવઠાકાર, સદરહુ વેરા મુદત માટે નમૂના જીએસટીઆર-૩ખમાં પાછળથી પત્રક રજૂ કરે, ત્યારે સદરહુ રજિસ્ટર થયેલ વ્યક્તિ, ત્યાર પછી વેરા મુદત માટે નમૂના જીએસટીઆર-૩ખમાં પત્રકમાં આવી શાખની રકમ ફરીથી મેળવી શકશે.''.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૪૬માં, ખંડ (છ)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

''પરંતુ કોઈ વેરા પાત્ર સેવા, ઈલેક્ટ્રોનિક કોમર્સ ઓપરેટર દ્વારા અથવા તેના મારફત અથવા ઓનલાઈન માહિતી અને ડેટાબેઝ ઍક્સેસ અથવા પુનઃપ્રાપ્તિ સેવાઓના પુરવઠાકાર દ્વારા રજિસ્ટર થયેલ ન હોય તેવા (માલ) લેનારને પૂરી પાડવામાં આવે, ત્યારે આવા પુરવઠાના મૂલ્યને ધ્યાનમાં લીધા વિના, રજિસ્ટર થયેલ વ્યક્તિ દ્વારા કાઢી આપવામાં આવેલ વેરા ભરતિયું, તેના પિન કોડ અને રાજ્યના નામની સાથે સદરહુ સરનામા સાથે (માલ) લેનારનું નામ અને સરનામું ધરાવશે અને સદરહુ સરનામું, (માલ) લેનારના રેકર્ડ પરના સરનામા તરીકે માનવામાં આવશે.''.

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૪૬કમાં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

''સદરહુ એકલ "ભરતિયું-સહ-પુરવઠાના બિલ"માં નિયમ ૪૬ અથવા યથાપ્રસંગ, નિયમ ૫૪ અને નિયમ ૪૯ હેઠળ નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની વિગતોનો સમાવેશ થશે.'';

૯. સદરહુ નિયમોમાં, નિયમ ૫૯માં, પેટા-નિયમ (૬)માં, ખંડ (ગ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(ઘ) જેને કોમન પોર્ટલ પર, નિયમ ૮૮ગ-ના પેટા-નિયમ (૧)ની જોગવાઈઓ હેઠળ વેરા મુદત સંબંધી સૂચના આપવામાં આવેલ હોય તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિને, તેણે નિયમ ૮૮ગ-ના પેટા-નિયમ (૨)ની જોગવાઈઓ હેઠળ ફરમાવ્યા પ્રમાણે, સદરહુ સૂચનામાં નિર્દિષ્ટ કરેલી રકમ જમા કરી હોય અથવા વણચુકવાયેલી બાકીની કોઈ રકમ માટેના કારણો સ્પષ્ટ કરતો જવાબ રજૂ કર્યો હોય, તે સિવાય, તેને કલમ ૩૭ હેઠળ નમૂના જીએસટીઆર-૧માં માલ અથવા સેવા અથવા બન્નેના જાવક પુરવઠાની વિગતો રજૂ કરવાની અથવા આગામી વેરા મુદત માટે ભરતિયું રજૂ કરવાની સુવિધાનો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ.".

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૮૭માં, પેટા-નિયમ (૮)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"પરંતુ બેંક, ચલણ ઓળખ નંબર, કોમન પોર્ટલ પર જાણ કરવામાં નિષ્ફળ રહે, ત્યારે ઈલેક્ટ્રોનિક રોકડ ખાતાવહી, કોમન પોર્ટલ પર નમૂના જીએસટી પીએમટી-૦૬-માં જનરેટ કરવામાં આવેલ ચલણની વિગતો સાથે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ઈ-સ્કોલની વિગતો સુસંગત હોય ત્યારે તેવા કિસ્સામાં, સદરહુ ઈ-સ્કોલના આધારે અદ્યતન કરી શકશે.".

૧૧. સદરહુ નિયમોમાં, નિયમ ૮૮ખ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૮૮ગ જાવકના પુરવઠા પત્રકમાં દર્શાવેલી અને રિટર્નમાં દર્શાવેલ જવાબદારીમાં તફાવત બાબતે કાર્યવાહી કરવાની રીત. -

(૧) રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા રજૂ કરવામાં આવેલ નમૂના જીએસટીઆર-૧-માં જાવક પુરવઠાના પત્રક અનુસાર અથવા વેરા મુદતના સંબંધમાં ભરતિયું પૂરું પાડવાની સુવિધાનો ઉપયોગ કરીને ચૂકવવાપાત્ર વેરો, તેના દ્વારા નમૂના જીએસટીઆર-૩ખ-માં રજૂ કરવામાં આવેલ તે મુદત માટેના રિટર્ન અનુસાર આવી વ્યક્તિ દ્વારા ચૂકવવાપાત્ર વેરાની રકમ કરતા વધુ હોય, ત્યારે કાઉન્સિલ દ્વારા ભલામણ કરવામાં આવે તેવી આવી રકમ અને આવા ટકા દ્વારા સદરહુ રજિસ્ટર થયેલી વ્યક્તિને કોમન પોર્ટલ પર ઈલિક્ટ્રોનિક રીતે નમૂના જીએસટી ડીઆરસી-૦૧ખ-ના ભાગ-ક-માં આવા તફાવતની જાણ કરવામાં આવશે અને રજિસ્ટ્રેશન વખતે પૂરા પાડવામાં આવેલ તેના ઈ-મેઈલ એડ્રેસ પર અથવા વખતોવખત સુધારવામાં આવે તે રીતે આવી જાણની એક નકલ પણ મોકલી આપવામાં આવશે અને તેને સાત દિવસની મુદતમાં -

(ક) કલમ ૫૦ હેઠળ નમૂના જીએસટી ડીઆરસી-૦૩-થી વ્યાજ સાથે વેરા જવાબદારી તફાવત ચૂકવવાનો; અથવા

(ખ) કોમન પોર્ટલ પર ઉપર ચૂકવવાપાત્ર વેરામાં ઉપર્યુક્ત તફાવત સ્પષ્ટ કરવાનો આદેશ આપવામાં આવશે.

(૨) પેટા-નિયમમાં ઉલ્લેખેલી રજિસ્ટર થયેલી વ્યક્તિ, તે પેટા-નિયમમાં ઉલ્લેખેલ સૂચના મળ્યેથી, સદરહુ પેટા-નિયમમાં નિર્દિષ્ટ કરેલી મુદતમાં -

(ક) નમૂના જીએસટી ડીઆરસી-૦૩-થી, કલમ ૫૦ હેઠળ વ્યાજ સાથે, નમૂના જીએસટી ડીઆરસી-૦૧ખ-ના ભાગ-ક-માં નિર્દિષ્ટ કરેલી વેરા જવાબદારી તફાવત સંપૂર્ણ અથવા અંશત: રીતે ચૂકવશે અને ઈલેક્ટ્રોનિક રીતે કોમન પોર્ટલ પર તેની વિગતો નમૂના જીએસટી ડીઆરસી-૦૧ખ-ના ભાગ-ખ-માં રજૂ કરશે; અથવા

(ખ) કોમન પોર્ટલ પર ઈલેક્ટ્રોનિક રીતે, નમૂના જીએસટી ડીઆરસી-૦૧ખ-ના ભાગ-ખ-માં, વણચુકવાયેલ વેરા જવાબદારી તફાવત, જો હોય તો, ના સંદર્ભમાં કારણો સમાવિષ્ટ કરતો જવાબ રજૂ કરવો જોઈશે.

(૩) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ, સૂચનામાં નિર્દિષ્ટ કરેલી કોઈ રકમ તે પેટા-નિયમમાં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર વણચુકવાયેલી રહે અને કસૂરમાં હોય તેવી રજિસ્ટર થયેલી વ્યક્તિ દ્વારા કોઈપણ સ્પષ્ટીકરણ અથવા કારણ રજૂ કરવામાં ન આવે અથવા આવી વ્યક્તિ દ્વારા રજૂ કરવામાં આવેલ સ્પષ્ટીકરણ અથવા કારણ યોગ્ય અધિકારી દ્વારા સ્વીકાર્ય હોવાનું ન જણાય, ત્યારે કલમ ૭૯ની જોગવાઈઓ અનુસાર સદરહુ આ રકમ વસૂલ કરી શકાશે.".

૧૨. સદરહુ નિયમોમાં, નિયમ ૮૯માં, પેટા-નિયમ (૨)માં,-

(૧) ખંડ (ડ) પછી, નીચેના ખંડો દાખલ કરવા:-

રજિસ્ટર ન થયેલી વ્યક્તિ દ્વારા રિફંડનો દાવો કરવામાં આવ્યો હોય (ડક), ત્યારે અને સેવા પૂરી પાડવા માટે સમજૂતી અથવા કરાર રદ કરવામાં અથવા સમાપ્ત કરવામાં આવ્યો હોય તે કિસ્સામાં, જેના સંબંધમાં ભરતિયાની નકલ સાથે રિફંડનો દાવો કરવામાં આવ્યો હોય તેવા ભરતિયાની વિગતો એટલે કે ક્રમાંક, તારીખ, ચુકવણીનું મૂલ્ય, ચૂકવેલો વેરો અને ચુકવણીની વિગતો, પુરવઠાકારને આવી ચુકવણી કરવાનો પુરાવો, સેવા પૂરી પાડવા માટે પુરવઠાકાર સાથે નોંધાયેલી હોય તેવી લાગુ પડતી સમજૂતી અથવા રજિસ્ટર થયેલી સમજૂતી (એગ્રિમેન્ટ) ની નકલ (કોન્ટ્રાકટ) અથવા કરાર, સેવા પૂરી પાડવા સમજૂતી અથવા કરાર રદ કરવા અથવા સમાપ્ત કરવા માટે, પુરવઠાકારે બહાર પાડેલો પત્ર, તેના પુરાવાની નકલ સાથે, આવી સમજૂતી રદ કરવા અથવા સમાપ્ત કરવા સામે, પુરવઠાકાર પાસેથી મેળવેલી ચુકવણીની વિગતો ધરાવતા પત્રક;

રજિસ્ટર ન થયેલી વ્યક્તિ દ્વારા રિફંડનો દાવો કરવામાં આવ્યો હોય ત્યારે અને સેવા પૂરી પાડવા માટે સમજૂતી અથવા કરાર રદ કરવામાં અથવા સમાપ્ત કરવામાં આવ્યો હોય તે કિસ્સામાં, અરજદાર દ્વારા જેના પર રિફંડનો દાવો કરવામાં આવ્યો હોય તેવા ભરતિયાના સંબંધમાં, પુરવઠાકારે વેરો ચૂક્યો હોય; તેણે (પુરવઠાકારે) ઉધાર નોંધ બહાર પાડીને તેની વેરા જવાબદારી સામે આ ભરતિયામાં સમાવિષ્ટ વેરા રકમ સરભર ન કરી હોય; અને તદુપરાંત, તેણે (પુરવઠાકારે) આ ભરતિયાના સંબંધમાં સમાવિષ્ટ વેરા રકમના રિફંડનો દાવો કર્યો નથી અથવા તે (પુરવઠાકાર) દાવો કરશે નહિ તે મતલબનું તેણે (પુરવઠાકારે) બહાર પાડેલું પ્રમાણપત્ર;" ;

(૨) ખંડ (ત)માં, પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો :-

"વધુમાં, જેણે વેરાનું ભારણ વેઠ્યું હોય તેવી રજિસ્ટર ન થયેલી વ્યક્તિએ રિફંડનો દાવો કર્યો હોય તેવા કિસ્સામાં પ્રમાણપત્ર રજૂ કરવાની જરૂર નથી.".

૧૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦૮માં, પેટા-નિયમ (૩)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો:-

"(૩) જેની સામે અપીલ કરવામાં આવી હોય તેવો નિર્ણય અથવા હુકમ, કોમન પોર્ટલ પર અપલોડ કરવામાં આવે, ત્યારે અપીલ સત્તાધિકારી અથવા તેમના દ્વારા અધિકૃત અધિકારીએ આ અર્થે, નમૂના જીએસટી એપીએલ-૦૨-માં, અપીલ નંબર દર્શાવતી અંતિમ સ્વીકૃતિ પહોંચ કાઢી આપવી જોઈશે અને કામચલાઉ સ્વીકૃતિ પહોંચ કાઢી આપ્યાની તારીખને, અપીલ કર્યાની તારીખ તરીકે ગણવી જોઈશે:

પરંતુ જેની સામે અપીલ કરવામાં આવી હોય તેવો નિર્ણય અથવા હુકમ, કોમન પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યો ન હોય, ત્યારે અપીલ કરનારે, નમૂના જીએસટી એપીએલ-૦૧-રજૂ કર્યાની તારીખથી સાત દિવસની મુદતની અંદર સદરહુ નિર્ણય અથવા હુકમની સ્વ-પ્રમાણિત નકલ રજૂ કરવી જોઈશે અને અપીલ સત્તાધિકારી અથવા આ અર્થે તેમણે અધિકૃત કરેલા અધિકારીએ, નમૂના જીએસટી એપીએલ-૦૨-માં, અપીલ નંબર દર્શાવતી અંતિમ સ્વીકૃતિ પહોંચ કાઢી આપવી જોઈશે અને કામચલાઉ સ્વીકૃતિ પહોંચ કાઢી આપ્યાની તારીખને, અપીલ કર્યાની તારીખ તરીકે ગણવી જોઈશે:

વધુમાં, નમૂના જીએસટી એપીએલ-૦૧-રજૂ કર્યાની તારીખથી સાત દિવસની મુદતની અંદર નિર્ણય અથવા હુકમની સદરહુ - પ્રમાણિત નકલ રજૂ ન કરે, ત્યારે આવી નકલની રજૂ કર્યાની તારીખને, અપીલ કર્યાની તારીખ તરીકે ગણવી જોઈશે.".

૧૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦૯ બદલે, નીચેનો નિયમ મૂકવો:

"૧૦૯. અપીલ સત્તાધિકારીને અરજી કરવા બાબત.- (૧) કલમ ૧૦૭ની પેટા-કલમ (૨) હેઠળ અપીલ સત્તાધિકારીને, ઈલેક્ટ્રોનિક રીતે અથવા અન્યથા કમિશનર દ્વારા જાહેર કર્યા મુજબ, સંબંધિત દસ્તાવેજો સાથે નમૂના જીએસટી એપીએલ-૦૩માં અરજી રજૂ કરવી જોઈશે અને અપીલ કરનારને તરત જ કામચલાઉ સ્વીકૃતિ પહોંચ મોકલવી જોઈશે.

(૨) અપીલ સત્તાધિકારીના નિર્ણય અથવા હુકમ સામે કરવામાં આવેલી અપીલ, કોમન પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે, અને આ અર્થે અપીલ સત્તાધિકારી અથવા તેના દ્વારા અધિકૃત કરવામાં આવેલા અધિકારી દ્વારા નમૂના જીએસટી એપીએલ-૦૨-માં અપીલ નંબર દર્શાવતી આખરી સ્વીકૃતિ પહોંચ સ્વીકૃતિ કાઢી આપવી જોઈશે અને પેટા-નિયમ (૧) હેઠળ કામચલાઉ સ્વીકૃતિ પહોંચ કાઢી આપવાની તારીખ, અપીલ કરવાની તારીખ તરીકે ધ્યાને લેવામાં આવશે:

પરંતુ સત્તાધિકારીના નિર્ણય અથવા હુકમ સામે કરવામાં આવેલી અપીલ કોમન પોર્ટલ પર અપલોડ કરવામાં ન આવે, તો અપીલ કરનારે, નમૂના જીએસટી એપીએલ-૦૩ રજૂ કર્યાની તારીખથી સાત દિવસની મુદતની અંદર સદરહુ નિર્ણય અથવા હુકમની સ્વ-પ્રમાણિત નકલ રજૂ કરવી જોઈશે અને આ અર્થે અપીલ સત્તાધિકારી અથવા તેના દ્વારા અધિકૃત કરવામાં આવેલા અધિકારી દ્વારા નમૂના જીએસટી એપીએલ-૦૨-માં અપીલ નંબર દર્શાવતી આખરી સ્વીકૃતિ પહોંચ કાઢી આપવી જોઈશે અને કામચલાઉ સ્વીકૃતિ પહોંચ કાઢી આપવાની તારીખ, અપીલ કરવાની તારીખ તરીકે ધ્યાને લેવામાં આવશે:

વધુમાં, નમૂના જીએસટી એપીએલ-૦૩ રજૂ કર્યાની તારીખથી સાત દિવસની મુદતની અંદર નિર્ણય અને હુકમની સદરહુ સ્વ-પ્રમાણિત નકલ રજૂ કરવામાં ન આવે, તો આવી નકલને રજૂ કરવાની તારીખ, અપીલ કરવાની તારીખ તરીકે ધ્યાને લેવામાં આવશે.''.

૧૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦૯ખ પછી, નીચેનો નિયમ દાખલ કરવો:-

"૧૦૯ગ. અપીલ પાછી ખેંચવા બાબત:- અપીલ કરનાર, કલમ ૧૦૭-ની પેટા-કલમ (૧૧) હેઠળ કારણદર્શક નોટિસ આપતા પહેલાં અથવા સદરહુ પેટા-કલમ હેઠળ હુકમ કાઢી આપતા પહેલા, બેમાંથી જે વહેલું હોય તેવા કોઇ સમયે, નમૂના જીએસટી એપીએલ-૦૧ અથવા નમૂના જીએસટી એપીએલ-૦૩-માં દાખલ કરેલી કોઇ અપીલના સંબંધમાં, નમૂના જીએસટી એપીએલ-૦૧/૦૩ ડબલ્યૂ-માં અરજી રજૂ (ફાઇલ) કરીને, સદરહુ અપીલ પાછી ખેંચવા માટેની અરજી દાખલ (ફાઇલ) કરી શકશે :

પરંતુ નમૂના જીએસટી એપીએલ-૦૨-માં આખરી સ્વીકૃતિ પહોંચ આપવામાં આવી હોય, ત્યારે અપીલ, સદરહુ અપીલ, અપીલ સત્તાધિકારીની મંજૂરીને અધીન રહેશે અને અપીલ પાછી ખેંચવા માટેની આવી અરજીનો નિર્ણય, આવી અરજી દાખલ કર્યાના સાત દિવસની અંદર અપીલ સત્તાધિકારી દ્વારા કરવામાં આવશે:

વધુમાં, અપીલ કરનારે, આવી રીતે (અપીલ) પાછી ખેંચવાની બાબતને અનુસરીને, દાખલ કરેલી કોઇ નવી અપીલ, કલમ ૧૦૭-ની પેટા-કલમ (૧) અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી સમયમર્યાદાની અંદર દાખલ કરવી જોઈશે.".

૧૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩૮માં, પેટા-નિયમ (૧૪) માં, પરિશિષ્ટમાં, કોષ્ટકના કોલમ (૨)માં, અનુક્રમ નં. ૫ની સામે, "(પ્રકરણ ૭૧)" એ કૌંસ, શબ્દ અને આંકડા પછી, "ઈમિટેશન જ્વેલરી(૭૧૧૭) સિવાય" એ શબ્દો, કૌંસ અને આંકડા દાખલ કરવા.

૧૭. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬૧માં, "હુકમ" શબ્દને બદલે "સૂચના અથવા નોટિસ" એ શબ્દો મૂકવા.

૧૮. સદરહુ નિયમોમાં, નમૂનો જીએસટી આરઈજી-૦૧ માં,-

(૧) ભાગ ક માં, નોંધમાં, "અરજી કરનાર અધિકૃત સહી કરનારે તેનો મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ પૂરુ પાડવું જોઈશે." એ શબ્દોને બદલે, "અરજી કરનારના કાયમી ખાતા નંબર સાથે જોડાયેલા ઈમેલ અને મોબાઈલ નંબર, આવક વેરા ડેટાબેઝમાંથી સ્વયંસંચાલિત કરવા જોઈશે."

(૨) રજિસ્ટ્રેશન માટેની અરજીની રજૂઆત માટેની સૂચનાઓમાં, પરિચ્છેદ ૨ કમી કરવો.

૧૯. સદરહુ નિયમોમાં, નમૂનો જીએસટી આરઈજી-૧૭ માં, "ધોરણના આધારે" -એ શબ્દો પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:-

"કેસની નિર્દિષ્ટ વિગતો માટે, જોડાયેલ સહાયક દસ્તાવેજ(જો)નો સંદર્ભ લેવો.

૨૦. સદરહુ નિયમોમાં, નમૂનો જીએસટી આરઈજી-૧૯-ને બદલે, નીચેનો નમૂનો મૂકવો:-

"નમૂનો જીએસટી આરઈજી-૧૯

[જુઓ નિયમ ૨૨(૩)]

સંદર્ભ નંબર: તારીખ:

પ્રતિ

નામ:

સરનામું:

માલ અને સેવા વેરા ઓળખ નંબર (GSTIN)/વિશિષ્ટ ઓળખ નંબર (યુઆઈએન) :

અરજી સંદર્ભ નંબર (એઆરએન) (ARN) તારીખ:

રજિસ્ટ્રેશન રદ કરવા માટેનો હુકમ

આદર્શક નોટિસના રોજ બહાર પાડવામાં આવેલ કારણ.....સંદર્ભે છે.

- કારણદર્શક નોટિસનો કોઈપણ જવાબ રજૂ કરવામાં આવ્યો નથી અને આ કચેરીમાં ઉપલભ્ય રેકર્ડને આધારે નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે નીચેના કારણસર (કારણોસર) તમારું રજિસ્ટ્રેશન રદ થવાને પાત્ર છે : અથવા
- કારણદર્શક નોટિસનો જવાબ તારીખ: .....ના (એઆરએન નંબર)થી રજૂ કરવામાં આવ્યો છે અને તમારા કારણદર્શક નોટિસના જવાબની તપાસના આધારે તથા આ કચેરીમાં ઉપલભ્ય રેકર્ડને આધારે નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે નીચેના કારણસર (કારણોસર) તમારું રજિસ્ટ્રેશન રદ થવાને પાત્ર છે : અથવા
- કારણદર્શક નોટિસનો કોઈપણ જવાબ રજૂ કરવામાં આવ્યો નથી અને વ્યક્તિગત સુનાવણી માટે નક્કી કરેલી તારીખે તમે રૂબરૂ અથવા અધિકૃત પ્રતિનિધિ મારફત હાજર રહ્યા ન હતા તેમજ આ કચેરીમાં ઉપલભ્ય રેકર્ડને આધારે નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે નીચેના કારણસર (કારણોસર) તમારું રજિસ્ટ્રેશન રદ થવાને પાત્ર છે : અથવા
- કારણદર્શક નોટિસનો કોઈપણ જવાબ રજૂ કરવામાં આવ્યો નથી પણ તમે/તમારા અધિકૃત પ્રતિનિધિ-એ વ્યક્તિગત સુનાવણીમાં હાજર રહીને, લેખિત અથવા મૌખિક રજૂઆત કરી છે અને વ્યક્તિગત સુનાવણી દરમિયાન તમે કરેલી લેખિત અથવા મૌખિક રજૂઆતની તપાસના આધારે તથા આ કચેરીમાં ઉપલભ્ય રેકર્ડને આધારે નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે નીચેના કારણસર (કારણોસર) તમારું રજિસ્ટ્રેશન રદ થવાને પાત્ર છે : અથવા
- કારણદર્શક નોટિસનો જવાબ તારીખ: .....ના (એઆરએન નંબર)થી રજૂ કરવામાં આવ્યો છે પણ તમે અથવા અધિકૃત પ્રતિનિધિ, નિયત અથવા લંબાવેલી તારીખે વ્યક્તિગત સુનાવણીમાં હાજર રહ્યા ન હતા અને તમારા કારણદર્શક નોટિસના જવાબની તપાસના આધારે તથા આ કચેરીમાં ઉપલભ્ય રેકર્ડને આધારે નીચે સહી કરનારનો એવો અભિપ્રાય છે કે નીચેના કારણસર (કારણોસર) તમારું રજિસ્ટ્રેશન રદ થવાને પાત્ર છે : અથવા

- કારણદર્શક નોટિસનો જવાબ તારીખ: .....ના (એઆરએન નંબર)થી રજૂ કરવામાં આવ્યો છે અને તમે અથવા તમારા અધિકૃત પ્રતિનિધિ-એ, વ્યક્તિગત સુનાવણીમાં હાજર રહીને, તે દરમિયાન લેખિત/ મૌખિક રજૂઆત કરી હતી તેમજ નીચે સહી કરનારે, તમારા કારણદર્શક નોટિસના જવાબની તથા વ્યક્તિગત સુનાવણીના સમયે (તમે) કરેલી રજૂઆતોની તપાસ કરી છે અને તેનો એવો અભિપ્રાય છે કે નીચેના કારણસર (કારણોસર) તમારું રજિસ્ટ્રેશન રદ થવાને પાત્ર છે :

  ૧.

  ૨.

  તમારું રજિસ્ટ્રેશન રદ કરવાની અમલી તારીખ << તારીખ /મહિનો/વર્ષ>> છે.

૨. કેસની ચોક્કસ વિગતો માટે આ સાથે જોડેલ સહાયક દસ્તાવેજોનો સંદર્ભ લેવો.

૩. એ બાબતની નોંધ લેવી કે સીજીએસટી અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૩૯ની પેટા-કલમ (૧) હેઠળ રિટર્ન રજૂ કરતી રજિસ્ટર થયેલ વ્યક્તિએ, આ હુકમની તારીખથી ત્રણ મહિનાની અંદર નમૂના જીએસટીઆર-૧૦માં આખરી રિટર્ન રજૂ કરવાનું રહેશે.

૪. તમારે તમારા તમામ બાકી રહેલા રિટર્ન રજૂ કરવાના રહેશે.

૫. એ બાબતની નોંધ લેવી કે રજિસ્ટ્રેશન રદ થવાથી આ અધિનિયમ હેઠળ વેરા અને અન્ય લેણાં ચૂકવવાની જવાબદારી પર અથવા આ અધિનિયમ અથવા રદ (રજિસ્ટ્રેશન) થયાની તારીખ પહેલાંના કોઈ સમયગાળા માટેના તે હેઠળ કરેલા નિયમો હેઠળની કોઈ જવાબદારી અદા કરવાને અસર થશે નહિ પછી ભલે આવા વેરા અને અન્ય લેણાં રદ થયાની તારીખ પેહલાં કે પછી નક્કી કરવામાં આવ્યા હોય કે નક્કી (રજિસ્ટ્રેશન) કરવામાં ન આવ્યા હોય.

સહી

સ્થળ: <અધિકારીનું નામ>

તારીખ: હોદ્દો

અધિકારક્ષેત્ર".

૨૧. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટીઆર-૧માં,-

(ક) બોક્સમાં,-

(૧) "વર્ષ" એ શબ્દને બદલે, "નાણાકીય વર્ષ" એ શબ્દો મૂકવા;

(૨) "મહિનો" એ શબ્દને બદલે, "વેરા મુદત" એ શબ્દો મૂકવા;

(ખ) કોષ્ટક ૩ને બદલે, નીચેનું કોષ્ટક મૂકવું:-

"૩.	(ક)	એઆરએન (ARN)	<Auto>
	(ખ)	એઆરએન (ARN)ની તારીખ	<Auto>"

(ગ) કોષ્ટક ૪કમાં, "(૧) વિપરીત ચાર્જ (reverse charge) આધારે વેરો લાગુ પડતો હોય અને (૨) ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરેલ પુરવઠા" એ કૌંસ, અક્ષરો અને શબ્દોને બદલે, " (ટીસીએસ લાગુ પડતો હોય તેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરવામાં આવેલા પુરવઠા સહિત) વિપરીત ચાર્જ (reverse charge) લાગુ પડતો હોય તેવા પુરવઠા" એ શબ્દો, કૌંસ અને અક્ષરો મૂકવા;

(ઘ) કોષ્ટક ૪ગ અને તેને લગતી નોંધો કમી કરવી;

(ચ) કોષ્ટક પકમાં, "પક. જાવક પુરવઠા (ઈ-કોમર્સ ઓપરેટર મારફત દર પ્રમાણે કરેલ પુરવઠા સિવાયના અન્ય પુરવઠા)" એ આંકડા, અક્ષરો, શબ્દો અને કૌંસને બદલે, "પક. જાવક પુરવઠા (ઈ-કોમર્સ ઓપરેટર મારફત દર પ્રમાણે કરેલ પુરવઠા સહિત) એ શબ્દો, આંકડા, કૌંસ અને અક્ષરો મૂકવા;

(છ) કોષ્ટક પખ અને તેને લગતી નોંધો કમી કરવી;

(જ) કોષ્ટક ૭ને બદલે, નીચેનું કોષ્ટક મૂકવું:-

વેરાનો દર	કુલ વેરાપાત્ર મૂલ્ય	રકમ			
		સંકલિત	કેન્દ્રીય	રાજ્ય વેરો/સંઘ રાજ્યક્ષેત્ર વેરો	ઉપકર
૧	૨	૩	૪	૫	૬
૭ક. રાજ્યાંતર્ગત પુરવઠા					
સંકલિત દર મુજબના જાવક પુરવઠા (ટીસીએસ લાગુ પડતો હોય તેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરેલ પુરવઠા સહિત)					
૭ખ. ભરતિયાનું મૂલ્ય ૨.૫ લાખ હોય તેવા આંતરરાજ્ય પુરવઠા [દર પ્રમાણે]- સંકલિત દર મુજબના જાવક પુરવઠા (ટીસીએસ લાગુ પડતો હોય તેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરેલ પુરવઠા સહિત)					
પુરવઠાનું સ્થળ (રાજ્યનું નામ)					

(ઝ) કોષ્ટક ૯માં,-

(૧) શીર્ષકમાં, “ઉધાર નોંધો, જમા નોંધો, ચાલુ મુદત દરમિયાન ઈસ્યુ કરવામાં આવેલા રિફંડ વાઉચર્સ” એ શબ્દોને બદલે, “ચાલુ દરમિયાન ઈસ્યુ કરવામાં આવેલ ઉધાર અને જમા નોંધો” એ શબ્દો મૂકવા;

(૨) “દસ્તાવેજોની સુધારેલ વિગતો અથવા અસલ ઉધાર/જમા નોંધોની વિગતો અથવા રિફંડ વાઉચર્સ” એ શબ્દોને બદલે, “દસ્તાવેજની સુધારેલ વિગતો અથવા અસલ ઉધાર અથવા જમા નોંધોની વિગતો” એ શબ્દો મૂકવા;

(૩) પેટા-શીર્ષકમાં, કોલમ નં. ૨-માં “ભરતિયાનો” અને કોલમ નં ૩માં, “ભરતિયાની” એ શબ્દ કમી કરવો;

(૪) પેટા-શીર્ષકમાં, કોલમ નં. ૫ અને ૬માં, “ભરતિયું” શબ્દને બદલે, “દસ્તાવેજ” એ શબ્દ મૂકવો;

(ટ) કોષ્ટક ૯કમાં, “જો ભરતિયા/માલના ભરતિયાની વિગતો અગાઉ ભૂલવાળી રજૂ કરેલ હોય તો” એ શબ્દોને બદલે, “અગાઉ રજૂ કરેલી ભરતિયા/માલના ભરતિયાની વિગતોનો સુધારો” એ શબ્દો મૂકવા;

(ઠ) કોષ્ટક ૯ખમાં, “/રિફંડ વાઉચર” એ શબ્દો કમી કરવા;

(ડ) કોષ્ટક ૯ગમાં, “ઉધાર નોંધો/જમા નોંધો/રિફંડ વાઉચર [તેના સુધારા]” એ શબ્દો અને કૌંસને બદલે, “ઉધાર નોંધો/જમા નોંધો [સુધારેલી]” એ શબ્દો અને કૌંસ મૂકવા;

(ઢ) કોષ્ટક ૧૦માં, “મહિનો” એ શબ્દને બદલે, “મહિનો/ત્રિમાસ” એ શબ્દો મૂકવા;

(ત) કોષ્ટક ૧૦ક (૧) અને તેને લગતી નોંધો કમી કરવી;

(થ) કોષ્ટક ૧૦ખ (૧) અને તેને લગતી નોંધો કમી કરવી;

(દ) કોષ્ટક ૧૧માં, શીર્ષકમાં, “સુધારાની અગાઉના વેરાની મુદતમાં રજૂ કરેલ માહિતીના સુધારા” એ શબ્દોને બદલે, “અગાઉના વેરાની મુદતમાં રજૂ કરેલ માહિતીના સુધારા (રિફંડ વાઉચરની ચોખ્ખી (રકમ), જો કોઈ હોય તો)” એ શબ્દો અને કૌંસ મૂકવા;

(ધ) કોષ્ટક ૧૨માં, પેટા-શીર્ષકમાં, કોલમ નં. ૩માં, “(જો એચએસએન આપેલ હોય તો, વૈકલ્પિક)” એ કૌંસ અને શબ્દો કમી કરવા;

(ન) કોષ્ટક ૧૩ પછી અને ખરાઈ પહેલાં, નીચેના કોષ્ટક દાખલ કરવા:-

“૧૪. જેના પર ઈ-કોમર્સ ઓપરેટરો, અધિનિયમની કલમ ૫૨ હેઠળ વેરો વસૂલ કરવા જવાબદાર હોય અથવા કલમ ૯(૫) હેઠળ વેરો ચૂકવવા જવાબદાર હોય તેવા ઈ-કોમર્સ ઓપરેટરો મારફત કરેલ પુરવઠાની વિગતો [પુરવઠાકારે જાહેર કરવું]

પુરવઠાનો પ્રકાર	ઈ-કોમર્સ ઓપરેટરનો જીએસટીઆઈએન	પુરવઠાનું ચોખ્ખું મૂલ્ય	વેરાની રકમ			
			સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/સંઘ રાજ્યક્ષેત્ર વેરો	ઉપકર
૧	૨	૩	૪	૫	૬	૭
(ક) ઈ-કોમર્સ ઓપરેટર જેના પર કલમ ૫૨ હેઠળ વેરો વસૂલ કરવા જવાબદાર હોય તે પુરવઠો						
(ખ) ઈ-કોમર્સ ઓપરેટર જેના પર કલમ ૯(૫) હેઠળ વેરો ચૂકવવા જવાબદાર હોય તે પુરવઠો						

૧૪ક. જેના પર ઈ-કોમર્સ ઓપરેટરો, અધિનિયમની કલમ ૫૨ હેઠળ વેરો વસૂલ કરવા જવાબદાર હોય અથવા કલમ ૯(૫) હેઠળ વેરો ચૂકવવા જવાબદાર હોય તેવા ઈ-કોમર્સ ઓપરેટરો મારફત કરવામાં આવેલા પુરવઠાની વિગતોનો સુધારો [પુરવઠાકારે જાહેર કરવું]

પુરવઠાનો પ્રકાર	અસલ વિગતો		સુધારેલ વિગતો	પુરવઠાનું ચોખ્ખું મૂલ્ય	વેરાની રકમ			
	મહિનો/ ત્રિમાસ	ઈ-કોમર્સ ઓપરેટરનો જીએસટીઆઈએન	ઈ-કોમર્સ ઓપરેટરનો જીએસટીઆઈએન		સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/ સંઘ રાજ્યક્ષેત્ર વેરો	ઉપકર
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
(ક) ઈ-કોમર્સ ઓપરેટર જેના પર કલમ ૫૨ હેઠળ વેરો વસૂલ કરવા જવાબદાર હોય તે પુરવઠો								
(ખ) ઈ-કોમર્સ ઓપરેટર જેના પર કલમ ૯(૫) હેઠળ વેરો ચૂકવવા જવાબદાર હોય તે પુરવઠો								

૧૫. જેના પર ઈ-કોમર્સ ઓપરેટરો, કલમ ૯(૫) હેઠળ વેરો ચૂકવવા જવાબદાર હોય તેવા ઈ-કોમર્સ ઓપરેટરો મારફત કરવામાં આવેલા પુરવઠાની વિગતો [ઈ-કોમર્સ ઓપરેટરે જાહેર કરવું]

પુરવઠાકારનો પ્રકાર	મેળવનારનો પ્રકાર	પુરવઠાકારનો જીએસટીઆઈએન	મેળવનારનો જીએસટીઆઈએન	દસ્તાવેજ ક્રમાંક	દસ્તાવેજની તારીખ	દર	કરવામાં આવેલા પુરવઠાનું મૂલ્ય	વેરાની રકમ				પુરવઠાનું સ્થળ
								સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/ સંઘ રાજ્યક્ષેત્ર વેરો	ઉપકર	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
રજિસ્ટર થયેલ	રજિસ્ટર થયેલ											
	રજિસ્ટર ન થયેલ											
રજિસ્ટર ન થયેલ	રજિસ્ટર થયેલ											
	રજિસ્ટર ન થયેલ											

૧૫.ક(૧). કલમ ૯(૫) હેઠળ ઈ-કોમર્સ ઓપરેટર જેના પર વેરો ચૂકવાવાને જવાબદાર હોય તેવા પુરવઠા ઉપર ઈ-કોમર્સ ઓપરેટરો મારફત કરેલા પુરવઠાની વિગતોનો સુધારો [રજિસ્ટર ન થયેલા પ્રાપ્ત કરનારા માટે, ઈ-કોમર્સ ઓપરેટરે જાણ કરવી]

પુરવઠા-કારનો પ્રકાર	મૂળ વિગતો				સુધારેલી વિગતો				દર	પૂરા પાડેલા પુરવઠાનું મૂલ્ય	વેરાની રકમ				પુરવઠાનું સ્થળ
	પુરવઠાકારનો જીએસટીઆઈએન	પ્રાપ્ત કરનારનો જીએસટીઆઈએન	દસ્તાવેજનો નંબર	દસ્તાવેજની તારીખ	પુરવઠાકારનો જીએસટીઆઈએન	પ્રાપ્ત કરનારનો જીએસટીઆઈએન	દસ્તાવેજનો નંબર	દસ્તાવેજની તારીખ			સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/સંઘ રાજ્ય ક્ષેત્ર વેરો	ઉપકર	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
રજિસ્ટર થયેલા															
રજિસ્ટર ન થયેલા															

૧૫ ક(૨). કલમ ૯(૫) હેઠળ ઈ-કોમર્સ ઓપરેટર જેના પર વેરો ચૂકવાવાને જવાબદાર હોય તેવા પુરવઠા ઉપર ઈ-કોમર્સ ઓપરેટરો મારફત કરેલા પુરવઠાની વિગતોનો સુધારો [રજિસ્ટર ન થયેલા પ્રાપ્ત કરનારા માટે, ઈ-કોમર્સ ઓપરેટરે જાણ કરવી]

પુરવઠાકારનો પ્રકાર	મૂળ વિગતો		સુધારેલી વિગતો	દર	પૂરા પાડેલા પુરવઠાનું મૂલ્ય	વેરાની રકમ				પુરવઠાનું સ્થળ
	પુરવઠાકારનો જીએસટીઆઈએન	વેરા મુદત	પુરવઠાકારનો જીએસટીઆઈએન			સંકલિત વેરો	કેન્દ્રીય વેરો	રાજ્ય/સંઘ રાજ્ય ક્ષેત્ર વેરો	ઉપકર	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
રજિસ્ટર થયેલા										
રજિસ્ટર ન થયેલા										

(૫) સૂચનાઓને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"ક. સામાન્ય સૂચનાઓ

૧. વાપરેલા શબ્દો:

ક.	જીએસટીઆઈએન:	માલ અને સેવા વેરા ઓળખ નંબર
ખ.	યુઆઈએન:	યુનિક આઈડેન્ટિટી નંબર [વિશિષ્ટ ઓળખ નંબર]
ગ.	યુક્યુસી:	યુનિટ ક્વોન્ટિટી કોડ
ઘ.	એચએસએન:	હાર્મોનાઈઝ્ડ સિસ્ટમ ઓફ નોમેન્ક્લેચર
ચ.	પીઓએસ:	માલ પૂરો પાડવાનું સ્થળ (સંબંધિત રાજ્ય)
છ.	ટીસીએસ:	ઈ-કોમર્સ ઓપરેટર દ્વારા મૂળ સ્થાનેથી વેરાની વસૂલાત
જ.	સેઝ:	ખાસ આર્થિક ઝોન
ઝ.	ઈકો:	ઈ-કોમર્સ ઓપરેટર
ટ.	ડીટીએ:	ડોમેસ્ટિક ટેરિફ એરિયા (ઘરેલું ટેરિફ વિસ્તાર)
ઠ.	બી ટુ બી:	રજિસ્ટર થયેલી એક વ્યક્તિ પાસેથી રજિસ્ટર થયેલી બીજી વ્યક્તિને કરવામાં આવતો પુરવઠો.

ડ. બી ટુ સી: રજિસ્ટર થયેલી એક વ્યક્તિ પાસેથી રજિસ્ટર ન થયેલી બીજી વ્યક્તિને કરવામાં આવતો પુરવઠો.

૨. ત્રિમાસના પ્રથમ બે મહિના(ઓ) માટે જીએસટીઆર-૧ અથવા આઇએફએફ મારફત ભરતિયાની વિગતો ભરતા ત્રિમાસિક વેરાદાતાઓએ, ત્રિમાસનું જીએસટીઆર-૧ ભરતી વખતે તેવી વિગતો ફરી ભરવી જોઇશે નહિ.

ખ. નિર્દિષ્ટ સૂચનાઓનું કોષ્ટક -

અનુક્રમાંક	કોષ્ટક નંબર	સૂચનાઓ
૧	૨	૩
૧.	૪ક	૧. કલમ ૫૨ હેઠળ ટીસીએસ લાગુ પડતુ હોય તેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરવામાં આવેલા પુરવઠા સહિત રજિસ્ટર થયેલા વ્યક્તિઓને કરેલા પુરવઠાની, પરંતુ વિપરીત ચાર્જના આધારે વેરો ભરવાપાત્ર પુરવઠાને બાકાત રાખીને જાણ કરવાની રહેશે. ૨. ઈ-કોમર્સ ઓપરેટર વેરો ભરવાને જવાબદાર હોય તેવા કલમ ૯(૫) હેઠળ કરવામાં આવેલા પુરવઠાની જાણ આ કોષ્ટકમાં કરવી જોઇશે નહિ. ૩. સેઝ દ્વારા બિલ ઓફ એન્ટ્રીના કવર પર કરેલા પુરવઠાની જાણ સેઝ યુનિટ/વિકાસકાર-એ કરવી જોઇશે નહિ.
૨.	૪ખ	વિપરીત ચાર્જના આધારે વેરો ભરવાપાત્ર, રજિસ્ટર થયેલી વ્યક્તિઓએ કરેલા પુરવઠાની જાણ કરવી જોઇશે. ઈ-કોમર્સ ઓપરેટર વેરો ભરવાને જવાબદાર હોય તેવા કલમ ૯(૫) હેઠળ કરવામાં આવેલા પુરવઠાની જાણ આ કોષ્ટકમાં કરવી જોઇશે નહિ.
૩.	૫	રૂ. ૨.૫૦ લાખ કરતાં વધારે ભરતિયા મૂલ્ય ધરાવતા, રજિસ્ટર ન થયેલી વ્યક્તિઓએ કરેલા આંતર-રાજ્ય પુરવઠાની જાણ કરવી જોઇશે.
૪.	૬ક	આઇજીએસટી સાથેની અથવા તે વિનાની નિકાસની જાણ કરવી જોઇશે. લાગુ પડતું હોય, તો શિપીંગ બિલની વિગતો, જો તેવી વિગતો પત્રક (સ્ટેટમેન્ટ) ભરતા સમયે ઉપલબ્ધ ન હોય, તો કોષ્ટક ૯ મારફત પાછળથી પૂરી પાડી શકાશે.
૫.	૬ખ	આઇજીસીટી સાથે અથવા તે વિના, સેઝ યુનિટો અથવા સેઝ વિકાસકારને કરવામાં આવેલા પુરવઠાની જાણ કરવી જોઇશે.
૬.	૬ગ	ડીમ્ડ નિકાસ પુરવઠાની જાણ કરવી જોઇશે.
૭.	૭	કોષ્ટક ૫-માં જાણ કરેલા પુરવઠા સિવાયના રજિસ્ટર ન થયેલી વ્યક્તિઓએ કરેલા પુરવઠા. મૂલ્યો એ જમા અને ઉધાર નોંધોની ચોખ્ખી (૨કમ) હોવી જોઇશે.
૮.	૮	વેરા જવાબદારી (શૂન્ય દરના, મુક્તિ આપેલા અને નોન-જીએસટી પુરવઠા) ન ધરાવતા પુરવઠાની જાણ કરવી જોઇશે. કલમ ૯(૫) હેઠળ ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરવામાં આવેલા પુરવઠાનો, પુરવઠાકારના મુક્તિ આપેલા પુરવઠા હેઠળ સમાવેશ કરવો જોઇશે નહિ.
૯.	૯ક	કોષ્ટક ૪ક, ૪ખ, ૫, ૬ક, ૬ખ અને ૬ગ-માં જાણ કરેલા મૂલ્યોના સુધારાની જાણ કરવી જોઇશે.
૧૦.	૯ખ	મુદત દરમિયાન કાઢી આપવામાં આવેલી જમા અને ઉધાર નોંધોની જાણ કરવી જોઇશે.
૧૧.	૯ગ	કોષ્ટક ૯ખ માં જાણ કરેલી જમા અને ઉધાર નોંધોમાંના સુધારાની જાણ કરવી જોઇશે.
૧૨.	૧૦	કોષ્ટક ૭માં જાણ કરવામાં આવેલા રજિસ્ટર ન થયેલા પુરવઠાના સુધારાની જાણ કરવી જોઇશે.
૧૩.	૧૧(૧)(ક)	મેળવેલી પેશગીઓની જાણ કરવી જોઇશે. મૂલ્યો એ રિફંડ વાઉચર કોઇ હોય, તો તેની ચોખ્ખી (૨કમ) હોવી જોઇશે.
૧૪.	૧૧(૧)(ખ)	મુદત દરમિયાન સરભર કરેલી પેશગીઓની જાણ કરવી જોઇશે.
૧૫.	૧૧(૨)	મેળવેલી અથવા સરભર કરેલી પેશગીઓના સુધારાની જાણ કરવી જોઇશે.
૧૬.	૧૨	વખતો વખત સરકારે બહાર પાડેલા જાહેરનામા મુજબ એચએસએન વિગતોની જાણ કરવી જોઇશે.

અનુક્રમાંક	કોષ્ટક નંબર	સૂચનાઓ
૧	૨	૩
૧૭.	૧૩	મુદત દરમિયાન બહાર પાડેલા દસ્તાવેજોની વિગતોની જાણ કરવી જોઈશે.
૧૮.	૧૪(ક)	જે પુરવઠા ઉપર કલમ ૫૨ હેઠળ મૂળ સ્થાનેથી વેરાની વસૂલાત કરવા(ટીસીએસ) માટે ઈકો (ઈ-કોમર્સ ઓપરેટર) જવાબદાર હોય તેવા ઈ-કોમર્સ ઓપરેટર મારફત કરવામાં આવેલા, કોઈપણ કોષ્ટક ૪ થી ૧૦માં જાણ કરેલા પુરવઠાની વિગતોની જાણ કરવી જોઈશે.
૧૯.	૧૪(ખ)	જે પુરવઠા ઉપર કલમ ૯(૫) હેઠળ વેરો ચૂકવવા માટે ઈકો (ઈ-કોમર્સ ઓપરેટર) જવાબદાર હોય તેવા [ઈકો (ઈ-કોમર્સ ઓપરેટર) મારફત કરવામાં આવેલા], પુરવઠાની વિગતો, પુરવઠાકાર દ્વારા જાણ કરવી જોઈશે. તેવા પુરવઠા ઉપરનો વેરો ઈકો દ્વારા ચૂકવવો જોઈશે અને પુરવઠાકારે ચૂકવવો જોઈશે નહિ.
૨૦.	૧૪ક(ક)	અગાઉની વેરા મુદતમાં કોષ્ટક ૧૪(ક)માં જાણ કરેલા પુરવઠાના સુધારાની જાણ કરવી જોઈશે.
૨૧.	૧૪ક(ખ)	અગાઉની વેરા મુદતમાં કોષ્ટક ૧૪(ખ)માં જાણ કરેલા પુરવઠાના સુધારાની જાણ કરવી જોઈશે.
૨૨.	૧૫	(૧) ઈકોએ, તેની/તેણીની મારફત કરેલા, જે પુરવઠા ઉપર કલમ ૯(૫) હેઠળ વેરો ચૂકવવા માટે તે/તેણી જવાબદાર હોય તેવા પુરવઠાની જાણ કરવી જોઈશે. (૨) રજિસ્ટર થયેલ હોય, તો પુરવઠાકાર અને પ્રાપ્ત કરનારનો જીએસટીઆઈએન જણાવવો જોઈશે. (૩) પ્રાપ્ત કરનાર રજિસ્ટર થયેલ હોય, તો ઈકોએ કાઢી આપેલા દસ્તાવેજોની વિગતો જણાવવી જોઈશે.
૨૩.	૧૫ક(૧)	રજિસ્ટર થયેલ પ્રાપ્ત કરનારાના સંબંધમાં, અગાઉની વેરા મુદતમાં કોષ્ટક ૧૫ માં જણાવેલી વિગતોના સુધારાની જાણ કરવી જોઈશે.
૨૪.	૧૫ક(૨)	રજિસ્ટર ન થયેલ પ્રાપ્ત કરનારાના સંબંધમાં, અગાઉની વેરા મુદતોમાં કોષ્ટક ૧૫ માં જણાવેલી વિગતોના સુધારાની જાણ કરવી જોઈશે.

૨૨. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટી આરએફડી-૦૧માં, એનેક્ષર-૧માં, પત્રક-૭ પછી, નીચેનું પત્રક દાખલ કરવું:-

"પત્રક-૮ [નિયમ ૮૯(૨)(ડક)]

રિફંડનો પ્રકાર: રજિસ્ટર ન થયેલ વ્યક્તિઓ માટે રિફંડ

અનુક્રમાંક	પુરવઠાકારનો જીએસટી-આઈએન	દસ્તાવેજ/ ભરતિયાની વિગતો				ચૂકવેલો વેરો				પુરવઠાકારને કરવામાં આવેલા ભરતિયાના મૂલ્યની ચુકવણીની વિગતો		રદ/સમાપ્ત કરેલા સામે મેળવેલ ચુકવણીની વિગતો		દાવો કરેલી રિફંડની રકમ (આઈ+સી+એસ+ઉપકર)
		દસ્તાવેજનો પ્રકાર	ક્રમાંક	તારીખ	વેરાપાત્ર મૂલ્ય	સંકલિત વેરો (આઈ)	કેન્દ્રીય વેરો (સી)	રાજ્ય/ સંઘ રાજ્યક્ષેત્ર વેરો (એસ)	સેસ (ઉપકર)	તારીખ	રકમ	તારીખ	રકમ	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫

૨૩. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટી એપીએલ-૦૨ માં, શીર્ષકમાં, "નિયમ ૧૦૮(૩)" એ શબ્દ, આંકડા અને કૌંસ પછી, "અને ૧૦૯(૨)" એ શબ્દ, આંકડા અને કૌંસ મૂકવા.

૨૪. સદરહુ નિયમોમાં, નમૂનો જીએસટી એપીએલ-૦૩ પછી, નીચેનો નમૂનો દાખલ કરવો:-

"નમૂનો જીએસટી એપીએલ-૦૧/૦૩ ડબલ્યુ

[જુઓ નિયમ ૧૦૯ગ]

અપીલની અરજી પરત ખેંચવા માટેની અરજી

૧. જીએસટીઆઈએન:

૨. ધંધાનું (કાનૂની) નામ (કલમ ૧૦૭ની પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવેલી અપીલના કિસ્સામાં)

૩. અપીલ કરનારનું નામ અને હોદ્દો (કલમ ૧૦૭ની પેટા-કલમ (૨) હેઠળ કરવામાં આવેલી અપીલના કિસ્સામાં)

૪. હુકમ ક્રમાંક અને તારીખ:

૫. અપીલનો એઆરએન (અરજી સંદર્ભ નંબર) અને તારીખ:

૬. પરત ખેંચવા માટેના કારણો:

૧. ન્યાયનિર્ણય આપનાર સત્તાધિકારીના હુકમનો સ્વીકાર કરવામાં આવ્યો છે

૨. તેવી જ વિષય વસ્તુ પરના ઉચ્ચ અપીલ સત્તાધિકારી/કોર્ટના હુકમનો સ્વીકાર કરવામાં આવ્યો છે

૩. દાખલ કરેલી અપીલમાં ભૂલો/ક્ષતિ-ના સુધારા પછી ફરીથી અપીલ કરવાની જરૂર છે

૪. અપીલમાં સંકળાયેલી રકમ એ બોર્ડ/કમિશનર દ્વારા અપીલ માટે નક્કી કરેલી નાણાકીય મર્યાદા કરતા ઓછી છે

૫. કોઇ અન્ય કારણ

૭. એકરાર (કલમ ૧૦૭ની પેટા-કલમ (૧) હેઠળ કરેલી અપીલના કિસ્સામાં લાગુ પડે છે):

હું/અમે <વેરો ચૂકવનારનું નામ>, આથી, ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરું છું/કરીએ છીએ અને જાહેર કરું છું/કરીએ છીએ કે અહીં ઉપર આપેલી વિગતો મારી/અમારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે અને તેમાં કોઈ જ વિગત છુપાવવામાં આવી નથી.

સ્થળ:

સહી

અરજદાર/ અરજદાર અધિકારીનું નામ

તારીખ: હોદ્દો/પદ.''.

૨૫. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટી ડીઆરસી-૦૧ ક પછી, નીચેનો નમૂનો દાખલ કરવો:-

''નમૂનો જીએસટી ડીઆરસી-૦૧ ખ

[*જુઓ નિયમ ૮૮ ગ*]

ભાગ-ક (સિસ્ટમ જનરેટેડ)

જાવક પુરવઠાના પત્રકમાં નોંધાયેલી અને રિટર્નમાં નોંધાયેલી જવાબદારીના તફાવત અંગેની જાણ

સંદર્ભ ક્રમાંક: તારીખ:

જીએસટીઆઈએન:

કાનૂની નામ:

૧. એવું ધ્યાન ઉપર આવ્યું છે કે નમૂના જીએસટીઆર-૧માં અથવા ભરતિયું રજૂ કરવાની સુવિધાનો ઉપયોગ કરીને, આપે રજૂ કરેલા જાવક પુરવઠાના પત્રક અનુસાર < થી>< સુધીની> મુદત માટે આપે ચૂકવવાપાત્ર વેરો, નમૂના જીએસટીઆર-૩ ખ-માં રજૂ કરેલા રિટર્ન અનુસાર આપે ચૂકવેલા વેરાની રકમ કરતાં..... રૂ.ની રકમ જેટલો વધારે છે. તેની વિગતો નીચે પ્રમાણે છે:

નમૂનાનો પ્રકાર	જાહેર કરેલી/ચૂકવાયેલી જવાબદારી (રૂ.માં)				
	આઈજીએસટી	સીજીએસટી	એસજીએસટી/ યુટીજીએસટી	સેસ (ઉપકર)	કુલ
નમૂનો જીએસટીઆર-૧/ આઈએફએફ					
નમૂનો જીએસટીઆર-૩ખ					
જવાબદારીનો તફાવત					

૨. નિયમ ૮૮ગના પેટા-નિયમ (૧) અનુસાર કલમ ૫૦ હેઠળના વ્યાજ સહિત નમૂના જીએસટી ડીઆરસી-૦૩ મારફત સદરહુ વેરા જવાબદારીના તફાવતની ચુકવણી કરવાની અને નમૂના જીએસટી ડીઆરસી-૦૧ખ-ના ભાગ-ખ-માં તેની વિગતો રજૂ કરવાની અને/અથવા નમૂના જીએસટી ડીઆરસી-૦૧ખ-ના ભાગ-ખ-માં વણચૂકવાયેલી રહી ગઈ હોય તેવી વેરા જવાબદારીના તફાવતના તે ભાગ અંગેના કારણોનો સમાવેશ કરીને, સાત દિવસની મુદતની અંદર જવાબ રજૂ કરવાની આથી, આપને વિનંતી કરવામાં આવે છે.

૩. એ બાબતની નોંધ લેવી કે સાત દિવસની મુદતની અંદર કોઈ રકમ વણચૂકવાયેલી રહી ગઈ હોય, ત્યારે અને આપના દ્વારા કોઈ ખુલાસો અથવા કારણ રજૂ કરવામાં આવે નહિ, ત્યારે અથવા યોગ્ય અધિકારીને, આપે રજૂ કરેલો ખુલાસો અથવા કારણ સ્વીકાર્ય હોવાનું જણાય નહિ, ત્યારે અધિનિયમની કલમ ૭૯ની જોગવાઈઓ અનુસાર સદરહુ રકમની વસૂલાત કરવી જોઈશે.

૪. આ સિસ્ટમ જનરેટેડ નોટિસ હોવાથી સહી જરૂરી નથી.

ભાગ-ખ

જવાબદારીમાં તફાવતની જાણ અંગે વેરો ચૂકવનારનો જવાબ

જાણનો સંદર્ભ ક્રમાંક: તારીખ:

ક. મેં, નમૂના જીએસટી ડીઆરસી-૦૧ખ-ના ભાગ-ક-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે, કલમ ૫૦ હેઠળના વ્યાજ સહિત નમૂના જીએસટી ડીઆરસી-૦૩ મારફત સંપૂર્ણ અથવા આંશિક વેરા જવાબદારીના તફાવતની રકમ ચૂકવી દીધી છે અને તેની વિગતો નીચે પ્રમાણે છે:

નમૂના જીએસટી ડીઆરસી-૦૩નો એઆરએન	શીર્ષક હેઠળ ચુકવણી	વેરા મુદત	આઈજીએસટી	સીજીએસટી	એસજીએસટી/ યુટીજીએસટી	સેસ (ઉપકર)

અને/અથવા

ખ. વણચૂકવાયેલી રહી ગઈ હોય તેવી વેરા જવાબદારીના તફાવતના તે ભાગ અંગેના કારણો નીચે પ્રમાણે છે:

અનુક્રમાંક	**તફાવતના સંક્ષિપ્ત કારણો**	**વિગતો (ફરજિયાત)**
૧	અગાઉની વેરા મુદતોમાં, નમૂના જીએસટીઆર-૩ખ-માં ચૂકવાયેલી વધારાની જવાબદારી	
૨	સદરહુ વેરા મુદતના નમૂના જીએસટીઆર-૧/આઈએફએફમાં જાહેર કરી ન શકાઈ હોય તેવી પરંતુ જેના સંબંધમાં સદરહુ વેરા મુદતના નમૂના જીએસટીઆર-૩ખ-માં આગાઉથી વેરો ચૂકવી દેવામાં આવ્યો હોય તેવી અને વિચારણા હેઠળની વેરા મુદતના નમૂના જીએસટીઆર-૧/આઈએફએફ હેઠળ હવે જાહેર કરવામાં આવી હોય તેવી અગાઉની વેરા મુદતની કેટલીક લેવડદેવડ	
૩	ખોટી વિગતો સાથે ફાઈલ થયેલો અને ત્યાર પછીની વેરા મુદતમાં સુધારવાનો હોય તેવો (ટાઈપિંગની ભૂલો, ખોટા વેરા દર વગેરે સહિતનો) નમૂનો જીએસટીઆર-૧/આઈએફએફ	
૪	ભરતિયાં સામે મેળવેલી અને સરભર કરેલી પેશગીઓના રિપોર્ટિંગ (અહેવાલ)માં ભૂલ	
૫	બીજા કોઈ કારણો	

ખરાઈ

હું, _____ આથી, ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરું છું અને જાહેર કરું છું કે અહીં ઉપર આપેલી વિગતો મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે અને તેમાં કોઈ જ વિગત છુપાવવામાં આવી નથી.

અધિકૃત સહી કરનારની સહી

સ્થળ:

નામ:

તારીખ:''. હોદ્દો/પદ:

૨૬. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટી ડીઆરસી-૦૩ને બદલે, નીચેનો નમૂનો મૂકવો:-

''નમૂનો જીએસટી ડીઆરસી-૦૩

[જુઓ નિયમો ૧૪૨ (૨) અને ૧૪૨ (૩)]

સ્વેચ્છાએ કરેલી અથવા કારણદર્શક નોટિસ (SCN) અથવા નિવેદન સામે કરેલી ચુકવણીની જાણ [અથવા નમૂના જીએસટી ડીઆરસી-૦૧ક મારફત વેરો સુનિશ્ચિત કરવાની જાણ]

૧.	માલ અને સેવા વેરા ઓળખ નંબર (GSTIN)		
૨.	નામ	<ઓટો>	
૩.	ચુકવણીનું કારણ	<< ડ્રોપ ડાઉન >>	
૩ક	ભૂલભરેલા આઈજીએસટી રિફંડના શિપિંગ બિલની વિગતો (ડ્રોપ ડાઉન મેનુમાં નિર્દિષ્ટ કરેલો પ્રકાર (કેટેગરી) પસંદ કર્યો હોય, તો જ શક્ય બનશે)	(૧) શિપિંગ બિલ/ નિકાસના બિલનો ક્રમાંક અને તારીખ: (૨) માલની નિકાસ ઉપર ચૂકવેલા આઈજીએસટીની રકમ (૩) રાહત દરે અથવા મુક્તિ વખતે ઈનપુટ મેળવવા માટે વાપરવામાં આવેલો જાહેરનામા ક્રમાંક: (૪) જાહેરનામાની તારીખ: (૫) મેળવેલા રિફંડની રકમ: (૬) જમા કરાવવાની થતી હોય તેવી ભૂલભરેલા રિફંડની રકમ (૭) બેંકના ખાતામાં રિફંડ જમા થયાની તારીખ:	
૪.	જે કલમ હેઠળ સ્વૈચ્છિક ચુકવણી કરવામાં આવી હોય તે કલમ	<< ડ્રોપ ડાઉન >>	
૫.	નોટિસ આપ્યાના, ચકાસણી થયાના, નમૂના જીએસટી ડીઆરસી-૦૧ક મારફત વેરો સુનિશ્ચિત થયાની જાણ થયાના, ઓડિટ, નિરીક્ષણ અથવા તપાસ થયાના, જીએસટી આરએફડી-૦૧, અન્ય (નિર્દિષ્ટ કરવું) થયાના ૩૦ દિવસની અંદર ચુકવણી કરેલી હોય, તો કારણદર્શક નોટિસની વિગતો.	સંદર્ભ ક્રમાંક/એઆરએન	રવાનગી /ફાઈલ કર્યાની તારીખ
૬.	નાણાકીય વર્ષ		
૭.	વ્યાજ અને દંડ (પેનલ્ટી) સહિત કરેલી ચુકવણીની વિગતો, લાગુ પડતું હોય, તો		

(રકમ રૂ.માં)

અનુ-ક્રમાંક	વેરા મુદત	અધિનિયમ	પુરવઠાનું સ્થળ (POS)	વેરો/ ઉપકર	વ્યાજ	દંડ (પેનલ્ટી) લાગુ પડતું હોય, તો	ફી	અન્ય	કુલ	ઉપયોગ કરેલ ખાતાવહી (રોકડ /શાખ)	ઉધાર નોંધ નંબર	ઉધાર નોંધની તારીખ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩

૮. કારણો, કોઈ હોય, તો- << ટેક્સ્ટ બોક્સ >>

૯. ખરાઈ-

હું, આથી, ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરું છું અને જાહેર કરું છું કે અહીં ઉપર આપેલી વિગતો મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે અને તેમાં કોઈ જ વિગત છુપાવવામાં આવી નથી.

અધિકૃત સહી કરનારની સહી

નામ

હોદ્દો/

તારીખ ..... દરજ્જો

નોંધ-

૧. નિયમ ૯૬ના પેટા-નિયમ (૧૦)નું ઉલ્લંઘન કરીને, મેળવેલા, વાપરવામાં ન આવી હોય તેવી ઈનપુટ વેરા શાખ (ITC)નું ભૂલભરેલું રિફંડ જમા કરાવવા માટે અને સંકલિત માલ અને સેવા વેરા (IGST)નું ભૂલભરેલું રિફંડ જમા કરાવવા માટેની ચુકવણી ફક્ત રોકડ સ્વરૂપે થશે.

૨. ચુકવણીનું કારણ- 'વાપરવામાં ન આવી હોય તેવી ઈનપુટ વેરા શાખ (ITC)નું ભૂલભરેલું રિફંડ જમા કરાવવું' એ તરીકે પસંદ કરવામાં આવ્યું હોય, તો નમૂના જીએસટી આરએફડી-૦૧નો અરજી સંદર્ભ નંબર (ARN) દર્શાવવો ફરજિયાત રહેશે.

૩. પત્રકોમાં જે રીતે વિગતો દાખલ કરવામાં આવી હોય, તે જ રીતે શિપિંગ બિલની વિગતો દાખલ કરવાની રહેશે.''.

૨૭. સદરહુ નિયમોમાં, નમૂના જીએસટી ડીઆરસી-૨૫-માં,-

(૧) ''ફેરતપાસ સત્તામંડળ/'' એ શબ્દો પછી, ''ચુકાદો આપનાર અધિકારી અથવા નાદારી અને બેંકરપ્સિ કોડ હેઠળના અપીલ અધિકારી/'' એ શબ્દો દાખલ કરવા;

(૨) ''અપીલ અથવા ફેરતપાસના નિકાલના તરત પહેલા''એ શબ્દોને બદલે, ''અપીલ અથવા ફેરતપાસ અથવા બીજી કોઈ કાર્યવાહીના નિકાલના તરત પહેલાં'' એ શબ્દો મૂકવા;

(૩) ''અપીલ/ફેરતપાસનો'' એ શબ્દો પછી, ''અથવા બીજી કોઈ કાર્યવાહીનો'' એ શબ્દો દાખલ કરવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુવરાજસિંહ જાડેજા,

સેક્શન અધિકારી.

NOTIFICATION

Regarding

Amendment to the notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-31) GST-2017/S.(9)(1) (1)-TH, Dated the 30th June, 2017, Notification No.1/2017-State Tax (Rate)

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭-નું જાહેરનામું

ક્રમાંક: (જીએચએન-૩૧) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૧)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૧/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨) સુધારવા સંબંધી જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી માર્ચ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંક. ૦૩/૨૦૨૩-રાજ્ય વેરો (૬૨)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૧૧) જીએસટી-૨૦૨૩/એસ.૯(૧)(૫૧) જીએસટી:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૯ની પેટા-કલમ (૧) અને કલમ ૧૫-ની પેટા-કલમ (૫) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર,

માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૧) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૧)-ઠ, જાહેરનામા ક્રમાંક: ૧/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨)-માં, નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં,-

(૧) અનુસૂચિ ૧-૨.૫%માં, અનુક્રમાંક ૯૧૬ની સામે, કોલમ (૩)માં, નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી:-

''પ્રિ-પેકેજડ અને લેબલ્ડ શેરડીનો ગોળ (ગુર), પાલ્મીરા (તાડનો) ગોળ સહિત તમામ પ્રકારોના ગોળ; પ્રિ-પેકેજડ અને લેબલ્ડ; ખાંડસરી ખાંડ, પ્રિ-પેકેજડ અને લેબલ્ડ રાબ'';

(૨) અનુસૂચિ ૨-૬%માં, અનુક્રમાંક ૧૮૬ અને તેને લગતી નોંધો પછી, નીચેનો અનુક્રમાંક અને નોંધો દાખલ કરવી:-

(૧)	(૨)	(૩)
''૧૮૬ક	૮૨૧૪	પેન્સિલ શાર્પનર્સ'';

(૩) અનુસૂચિ ૩-૯% માં, અનુક્રમાંક ૩૦૨-કની સામે, કોલમ (૩)માં, અંતે, "[પેન્સિલ શાર્પનર સિવાય]" એ કૌંસ અને શબ્દો દાખલ કરવા;

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુવરાજસિંહ જાડેજા,

સરકારના ઉપસચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-36) GST-2017/S.11 (1) (1)-TH dated the 30th June, 2017, Notification No. 2/2017-State Tax (Rate)

ગુજરાત સરકાર, નાણા વિભાગનું તારીખ. ૩૦મી જૂન ૨૦૧૭નું જાહેરનામું

ક્રમાંક. (જીએચએન-૩૬) જીએસટી-૨૦૧૭/એસ.૧૧ (૧) (૧)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૨/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨), સુધારવા સંબંધી જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી માર્ચ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંક. ૦૪/૨૦૨૩ - રાજ્ય વેરો (૬૨)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૧૩) જીએસટી-૨૦૨૩/એસ.૧૧(૧)(૭૦)જીએસટી: ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૧૧ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, જાહેર હિતમાં તેમ કરવું જરૂરી છે તેવી ખાતરી થયેથી, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક. (જીએચએન-૩૬) જીએસટી-૨૦૧૭/એસ.૧૧(૧)(૧)-ઠ, જાહેરનામા ક્રમાંક. ૨/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨)-માં નીચે પ્રમાણે વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, અનુક્રમાંક નં. ૯૪ સામે, કોલમ (૩)માં, બાબત (૨) અને તેને લગતી નોંધો પછી, નીચેની બાબત અને નોંધ દાખલ કરવી:-

"(૩) પ્રિ-પેકેજ્ડ અને લેબલ્ડ સિવાયની રાબ";

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના માર્ચ મહિનાની ૧લી તારીખે અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુવરાજસિંહ જાડેજા,

સરકારના ઉપસચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Government Notification, Finance Department, No. (GHN-141) GST-2017/S. 128 (4)-TH, Dated the 29th December, 2017, Notification No.73/2017-State Tax

નાણા વિભાગનું તારીખ: ૨૯મી ડિસેમ્બર,૨૦૧૭નું સરકારી જાહેરનામું

ક્રમાંક: (જીએચએન-૧૪૧)જીએસટી-૨૦૧૭/એસ.૧૨૮ (૪)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૭૩/૨૦૧૭-રાજ્ય વેરો સુધારવા સંબંધી જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી એપ્રિલ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંક. ૦૨/૨૦૨૩ - રાજ્ય વેરો (દર)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૨૭) જીએસટી-૨૦૨૩/એસ.૧૨૮(૩૭) જીએસટી સેલ: ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫ મા) (જેનો આમાં હવે પછી, સદરહુ અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે)ની કલમ ૧૨૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોના આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૨૯મી ડિસેમ્બર, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૧૪૧) જીએસટી-૨૦૧૭/એસ.૧૨૮(૪)-ઠ. એટલે કે જાહેરનામા ક્રમાંક. ૭૩/૨૦૧૭-રાજ્ય વેરોમાં નીચેના સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, છઠ્ઠા પરંતુક પછી, સન ૨૦૨૩ના માર્ચ મહિનાની ૩૧-મી તારીખથી અમલમાં આવે તેમ, નીચેનો પરંતુક દાખલ કરવો:-

''વળી, સન ૨૦૧૭ના જુલાઇ મહિના થી સન ૨૦૧૯ના માર્ચ મહિના અથવા ૨૦૧૯-૨૦ થી ૨૦૨૧-૨૨ સુધીના નાણાકીય વર્ષના ત્રિમાસ માટે, નિયત તારીખ સુધીમાં, નમૂના જીએસટીઆર-૪માં પત્રક રજૂ કરવામાં નિષ્ફળ રહી હોય, પણ જેમણે સદરહુ પત્રક સન ૨૦૨૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ થી સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦મી તારીખ સુધીની મુદત વચ્ચે રજૂ કર્યુ હોય અને રજિસ્ટર થયેલી વ્યક્તિઓ માટે, સદરહુ અધિનિયમની કલમ ૪૭ હેઠળ ચૂકવવાપાત્ર વિલંબ ફીની રકમ, બસો પચાસ રૂપિયાથી વધુ હોય, તો તે જતી(માફ) કરવામાં આવેલી ગણાશે અને સદરહુ પત્રક (રિટર્ન)માં ચૂકવવાપાત્ર રાજ્ય વેરાની કુલ રકમ, શૂન્ય હોય ત્યારે તે સંપૂર્ણપણે જતી (માફ) કરવામાં આવેલી ગણાશે.''.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Goods and Services Tax Act, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી એપ્રિલ, ૨૦૨૩

જાહેરનામા ક્રમાંક. ૦૭/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૨૯) જીએસટી-૨૦૨૩/એસ.૧૨૮(૩૮) જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫ મા) (જેનો આમાં હવે પછી, સદરહુ અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૨૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, નિયત તારીખ સુધીમાં પત્રક રજૂ કરવામાં નિષ્ફળ જાય તેવા નીચેના કોષ્ટકના કોલમ(૨)માં તત્સમાન નોંધમાં જણાવેલી રજિસ્ટર થયેલી વ્યક્તિઓના વર્ગ માટે, નીચેના કોષ્ટકના કોલમ (૩)માં નિર્દિષ્ટ

કરાયેલી રકમથી વધુ હોય તેવી, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩ થી આગળના વર્ષ માટે, સદરહુ અધિનિયમની કલમ ૪૪ હેઠળ રજૂ કરવાના પત્રકના સંબંધમાં, સદરહુ અધિનિયમની કલમ ૪૭માં ઉલ્લેખેલી વિલંબ ફીની રકમ જતી કરે છે:-

અનુક્રમાંક નંબર	રજિસ્ટર કરાયેલી વ્યક્તિઓનો વર્ગ	રકમ
(૧)	(૨)	(૩)
૧.	સંબંધિત નાણાકીય વર્ષમાં પાંચ કરોડ રૂપિયા સુધીનો એકંદર ટર્નઓવર ધરાવતી રજિસ્ટર કરેલી વ્યક્તિઓ.	રાજ્યમાં ટર્નઓવરના ૦.૦૨ ટકાથી ગણેલી વધુમાં વધુ રકમને અધીન રહીને, દિવસ દીઠ પચીસ રૂપિયા.
૨.	સંબંધિત નાણાકીય વર્ષમાં પાંચ કરોડ રૂપિયા કરતાં વધુ અને વીસ કરોડ રૂપિયા સુધીનો એકંદર ટર્નઓવર ધરાવતી રજિસ્ટર કરેલી વ્યક્તિઓ.	રાજ્યમાં ટર્નઓવરના ૦.૦૨ ટકાથી ગણેલી વધુમાં વધુ રકમને અધીન રહીને, દિવસ દીઠ પચાસ રૂપિયા.

પરંતુ કોઈ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અથવા ૨૦૨૧-૨૨ માટે નિયત તારીખ સુધીમાં, સદરહુ અધિનિયમનની કલમ ૪૪ હેઠળ જે પત્રક રજૂ કરવામાં નિષ્ફળ જાય, પણ જેણે સન ૨૦૨૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખ થી સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦મી તારીખના સમયગાળા વચ્ચે સદરહુ પત્રક રજૂ કર્યું હોય તેવી રજિસ્ટર કરેલી વ્યક્તિઓ માટે, સદરહુ અધિનિયમની કલમ ૪૭ હેઠળ, સદરહુ પત્રકના સંદર્ભમાં ચૂકવવાપાત્ર, દસ હજાર રૂપિયાથી વધુ હોય તેવી વિલંબ ફીની કુલ રકમ જતી કરેલી ગણવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Goods and Services Tax Act, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ
જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી એપ્રિલ, ૨૦૨૩

જાહેરનામા ક્રમાંક. ૦૯/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૩૧) જીએસટી-૨૦૨૩/એસ.૧૬૮૬ (૧૪)-જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫ મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૬૮૬-થી મળેલી સત્તાની રૂએ અને ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૯મી એપ્રિલ, ૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૭)જીએસટી-૨૦૨૦/એસ.૧૬૮૬(૧)-ઠ, એટલે કે જાહેરનામા ક્રમાંક: ૩૫/૨૦૨૦-રાજ્ય વેરો અને તારીખ: ૧૭મી મે, ૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૨૬) જીએસટી-૨૦૨૧/એસ.૧૬૮૬ (૧૦)-ઠ, એટલે કે જાહેરનામા ક્રમાંક: ૧૪/૨૦૨૧-રાજ્ય વેરો અને તારીખ: ૧૬મી જુલાઇ, ૨૦૨૨ ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૪૮) જીએસટી-૨૦૨૨/એસ.૧૬૮૬ (૧૩)-ઠ, એટલે કે જાહેરનામા ક્રમાંક: ૧૩/૨૦૨૨-રાજ્ય વેરો-ના આંશિક સુધારામાં, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, નહિ ચૂકવેલા અથવા ઓછા ચૂકવેલા વેરાની અથવા ખોટી રીતે લાભ લીધેલી અથવા વાપરેલી ઇનપુટ વેરા શાખની વસૂલાત માટે, નીચે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની મુદતને લગતી સદરહુ અધિનિયમની કલમ ૭૩ની પેટા-કલમ (૯) હેઠળ હુકમ બહાર પાડવા માટેની કલમ ૭૩ની પેટા-કલમ (૧૦) હેઠળ નિર્દિષ્ટ સમયમર્યાદા લંબાવે છે:

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે, સન ૨૦૨૩ના ડિસેમ્બર મહિનાની ૩૧મી તારીખ સુધી;

(૨) નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે, સન ૨૦૨૪ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ સુધી;

(૩) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે, સન ૨૦૨૪ના જૂન મહિનાની ૩૦મી તારીખ સુધી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Goods and Services Tax Act, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ
જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી એપ્રિલ, ૨૦૨૩

જાહેરનામા ક્રમાંક. ૦૬/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ (જીએચએન-૩૩) જીએસટી-૨૦૨૩/એસ.૧૪૮(૪૧) જીએસટી સેલઃ- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫ મા) (જેનો આમાં હવે પછી, સદરહુ અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૪૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, જાહેર કરે છે કે સદરહુ અધિનિયમની કલમ ૬૨-ની પેટા-કલમ (૧) હેઠળ, સન ૨૦૨૩ના ફેબ્રુઆરી મહિનાની ૨૮મી તારીખે અથવા તે પહેલા બહાર પાડવામાં આવેલા આકારણી હુકમ બજાવ્યાની તારીખથી ત્રીસ દિવસના સમયગાળાની અંદર માન્ય પત્રક (રિટર્ન) રજૂ કરવામાં રજિસ્ટર થયેલી વ્યક્તિઓના વર્ગ તરીકે જાહેર કરેલી રજિસ્ટર થયેલી વ્યક્તિઓ નિષ્ફળ જાય અને આવી રજિસ્ટર થયેલી વ્યક્તિઓ, નીચે નિર્દિષ્ટ કરેલી ખાસ કાર્યરીતિ અનુસરે, તો આવો આકારણી હુકમ પાછો ખેંચી લીધો હોવાનું ગણાશે.,-

સદરહુ અધિનિયમની કલમ ૧૦૭ હેઠળ, આવા આકારણી હુકમની વિરુદ્ધ અપીલ ફાઈલ કરવામાં આવી હોય અથવા ન હોય અથવા સદરહુ આકારણી હુકમ વિરુદ્ધ ફાઈલ કરવામાં આવેલી અપીલ, કોઈ હોય, તો તે અંગે નિર્ણય કરવામાં આવ્યો હોય તે લક્ષમાં લીધા વિના,

(૧) રજિસ્ટર થયેલી વ્યક્તિઓએ, સન ૨૦૨૩ના જૂન મહિનાની 30મી તારીખે અથવા તે પહેલાં સદરહુ પત્રક (રિટર્ન) રજૂ કરવું જોઈશે.

(૨) પત્રક સાથે સદરહુ અધિનિયમની કલમ ૫૦ની પેટા-કલમ (૧) હેઠળ બાકી વ્યાજ અને સદરહુ અધિનિયમની કલમ ૪૭ હેઠળ ચૂકવવાપાત્ર વિલંબ ફીની ચુકવણી કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-22)GST-2020/R.48(4)(2)-TH, Dated the 27th March, 2020, Notification No.13/2020-State Tax

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખઃ ૨૭મી માર્ચ, ૨૦૨૦નું જાહેરનામું
ક્રમાંકઃ (જીએચએન-૨૨) જીએસટી-૨૦૨૦/આર.૪૮(૪)(૨)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૧૩/૨૦૨૦-રાજ્ય વેરો સુધારવા સંબંધી
જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જૂન, ૨૦૨૩

જાહેરનામા ક્રમાંક. ૧૦/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંકઃ (જીએચએન-૩૮) જીએસટી-૨૦૨૩/આર.૪૮(૪)(૧૧) જીએસટી સેલઃ- ગુજરાત માલ અને સેવા વેરા નિયમો, ૨૦૧૭ના નિયમ ૪૮ના પેટા-નિયમ (૪)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખઃ ૨૭મી માર્ચ, ૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૨૨) જીએસટી-૨૦૨૦/આર.૪૮(૪)(૨)-ઠ, જાહેરનામા ક્રમાંક. ૧૩/૨૦૨૦-રાજ્ય વેરામાં, નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, પ્રથમ પરિચ્છેદમાં, સન ૨૦૨૩ના ઓગસ્ટ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવે તેમ, ''રૂપિયા દસ કરોડ'' એ શબ્દોને બદલે, ''રૂપિયા પાંચ કરોડ'' એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુવરાજસિંહ જાડેજા,

સરકારના ઉપ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-33) GST-2023/S.148(41) GST Cell dated the 20th April, 2023, Notification No. 06/2023-State Tax

ગુજરાત સરકાર, નાણા વિભાગનું તારીખ. ૨૦મી એપ્રિલ ૨૦૨૩નું જાહેરનામું ક્રમાંક. (જીએચએન-૩૩) જીએસટી-૨૦૨૩/એસ.૧૪૮(૪૧)-જીએસટી સેલ, જાહેરનામું ક્રમાંક. ૦૬/૨૦૨૩-રાજ્ય વેરો સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૨૦૨૩

જાહેરનામા ક્રમાંક. ૨૪/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૪૪) જીએસટી-૨૦૨૩/એસ.૧૪૮(૪૩) જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના નિયમ ૧૪૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૨૦મી એપ્રિલ, ૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક. (જીએચએન-૩૩) જીએસટી-૨૦૨૩/એસ.૧૪૮(૪૧)-જીએસટી સેલ, જાહેરનામા ક્રમાંક. ૦૬/૨૦૨૩-રાજ્ય વેરો-માં નીચે પ્રમાણે વધુ સુધારા કરે છે:-

૧. સદરહુ જાહેરનામામાં, "સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦મી તારીખ" એ શબ્દો, અક્ષરો અને આંકડાને બદલે, "સન ૨૦૨૩ના ઓગસ્ટ મહિનાની ૩૧મી તારીખ" એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા.

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦-મી તારીખથી અમલમાં આવ્યું હોવાનું ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-29) GST-2023/S.(128)(38) GST Cell, Dated the 20th April, 2023, Notification No.07/2023-State Tax

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખ: ૨૦મી એપ્રિલ, ૨૦૨૩-નું જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૨૯) જીએસટી-૨૦૨૩/એસ.(૧૨૮)(૩૮) જીએસટી સેલ, જાહેરનામું ક્રમાંક. ૦૭/૨૦૨૩-રાજ્ય વેરો સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૨૦૨૩

જાહેરનામા ક્રમાંક. ૨૫/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૪૬) જીએસટી-૨૦૨૩/એસ.૧૨૮(૪૧) જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા) (જેનો આમાં હવે પછી, સદરહુ અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૨૮થી મળેલી સત્તાની

રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૨૦મી એપ્રિલ, ૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૨૯) જીએસટી-૨૦૨૩/એસ.૧૨૮(૩૮) જીએસટી સેલ, જાહેરનામા ક્રમાંક: ૦૭/૨૦૨૩-રાજ્ય વેરો-માં, નીચેના વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં, ''સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦મી તારીખ'' એ શબ્દો, અક્ષરો અને આંકડાને બદલે, ''સન ૨૦૨૩ના ઓગસ્ટ મહિનાની ૩૧મી તારીખ'' એ શબ્દો, અક્ષરો અને આંકડા મૂકવા.

૨. આ જાહેરનામું સન ૨૦૨૩ના જૂન મહિનાની ૩૦મી તારીખથી અમલમાં આવ્યું હોવાનું ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the notification of the Government of Gujarat, Finance Department, No. (GHN-34) GST-2017/S.(9)(3) (2)-TH, Dated the 30th June, 2017, Notification No.13/2017-State Tax (Rate)

ગુજરાત સરકારના નાણા વિભાગનું તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭-નું જાહેરનામું ક્રમાંક: (જીએચએન-૩૪) જીએસટી-૨૦૧૭/એસ.૯ (૩) (૨)-ઠ, જાહેરનામું ક્રમાંક. ૧૩/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨) સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૭મી જુલાઈ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંક. ૦૮/૨૦૨૩-રાજ્ય વેરો (૬૨)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૫૦) જીએસટી-૨૦૨૩/એસ.૯ (૩) (૨૦) જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા)ની કલમ ૯ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૩૦મી જૂન, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩૪) જીએસટી-૨૦૧૭/એસ.૯ (૩) (૨)-ઠ, જાહેરનામા ક્રમાંક: ૧૩/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨)-માં નીચેના વધુ સુધારા કરે છે:-

જાહેરનામામાં, એનેક્ષર ૩માં, નાણાકીય વર્ષ.....દરમિયાન'' એ શબ્દો અને આંકડાને બદલે, ''નાણાકીય વર્ષ.....થી'' એ શબ્દો અને આંકડા મૂકવા અને ''વિકલ્પ વાપરેલ છે'' એ શબ્દો અને અક્ષર પછી, ''અને વિપરીત ચાર્જ પદ્ધતિમાં ઉલટાવ્યો નથી.'' એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Goods and Services Tax Act, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૨૭મી જુલાઈ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંક: ૧૦/૨૦૨૩-રાજ્ય વેરો (૬૨)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૫૨) જીએસટી-૨૦૨૩/એસ.૧૧(૧)(૭૩)-જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫ મા)ની કલમ ૧૧ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, એમ કરવું જાહેર હિતમાં

જરૂરી છે તેવી ખાતરી થયેથી, ગુજરાત માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૮ ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૧૨૯) જીએસટી-૨૦૧૮/એસ.૧૧(૧)(૩૭)-ઠ, એટલે કે જાહેરનામા ક્રમાંક: ૨૬/૨૦૧૮ -રાજ્ય વેરો (૬૨)-માં, નીચેના સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં,-

(ક) શરૂઆતના પરિચ્છેદમાં, "પરિચ્છેદ ૪.૪૧" એ શબ્દપ્રયોગને બદલે, "પરિચ્છેદ ૪.૪૦" એ શબ્દપ્રયોગ મૂકવો;

(ખ) સ્પષ્ટીકરણમાં,-

(૧) ખંડ (ક) ને બદલે, નીચેનો ખંડ મૂકવો,-

"(ક) "વિદેશ વેપાર નીતિ" એટલે, તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક: ૧/૨૦૨૩ થી, તારીખ: ૩૧મી માર્ચ, ૨૦૨૩ના ભારતના રાજપત્ર, અસાધારણ, ભાગ-૨, સેક્શન ૩, સબ-સેકશન (૨)માં પ્રસિદ્ધ કરેલા એસ. ઓ. (S.O.)-૧૫૬૫ (ઇ) થી, ભારત સરકાર, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરેલી વિદેશ વેપાર નીતિ, ૨૦૨૩;"

(૨) ખંડ (ખ) ને બદલે, નીચેનો ખંડ મૂકવો:-

"(ખ) "કાર્યરીતિની પુસ્તિકા" એટલે, તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૨૩ના જાહેર નોટિસ ક્રમાંક: ૧/૨૦૨૩ થી, તારીખ: ૧લી એપ્રિલ, ૨૦૨૩ના ભારત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૧, સેક્શન ૧, એફ નંબર -૦૧/૭૫/૧૭૧/૦૦૦૧૬/એએમ-૨૩/એફટીપી સેલ. થી ભારત સરકાર, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરેલી કાર્યરીતિની પુસ્તિકા;"

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Goods and Services Tax Act, 2017

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ હેઠળ

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગસ્ટ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંક: ૩૩/૨૦૨૩-રાજ્ય વેરો

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક. (જીએચએન-૫૯) જીએસટી-૨૦૨૩/એસ.૧૫૮૬(૧) જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૧૫૮૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, ગુજરાત માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોના આધારે, આથી, ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫મા)ની કલમ ૧૫૮૬ હેઠળ સંમતિ આધારિત કોમન (સામાન્ય) પોર્ટલ દ્વારા રજૂ કરી શકાય તેવી માહિતી સાથેની પદ્ધતિ તરીકે ''એકાઉન્ટ એગ્રિગેટર''ને જાહેર કરે છે.

૧. આ જાહેરનામું સન ૨૦૨૩ના ઓકટોબર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

સ્પષ્ટીકરણ: આ જાહેરનામાના હેતુ માટે, ''એકાઉન્ટ એગ્રિગેટર'' એટલે ભારતીય રિઝર્વ બેંક અધિનિયમ, ૧૯૩૪ (સન ૧૯૩૪ના ૨-જા)ની કલમ ૪૫-ઠક હેઠળ ભારતીય રિઝર્વ બેંક દ્વારા બહાર પાડેલા નીતિ આદેશો અનુસાર એકાઉન્ટ એગ્રિગેટરનો વ્યવસાય હાથ ધરતી હોય તેવી અને નોન-બેંકિંગ નાણાકીય કંપની-એકાઉન્ટ એગ્રિગેટર (રિઝર્વ બેંક) આદેશો, ૨૦૧૬માં તે તરીકે વ્યાખ્યાયિત કર્યા પ્રમાણેની બિન-નાણાકીય બેંકિંગ કંપની.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના સંયુક્ત સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Notification of the Government of Gujarat,

Finance Department, No. (GHN-32) GST-2017/S.9(1)(2)-TH dated the 30th June, 2017,
Notification No. 11/2017-State Tax (Rate)

ગુજરાત સરકાર, નાણા વિભાગનું તારીખ. ૩૦મી જૂન ૨૦૧૭નું
જાહેરનામું ક્રમાંક. (જીએચએન-૩૨) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૨)-ઠ,
જાહેરનામું ક્રમાંક. ૧૧/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨), સુધારવા સંબંધી

જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઇ, ૨૦૨૩

જાહેરનામું ક્રમાંક. ૦૬/૨૦૨૩- રાજ્ય વેરો (૬૨)

ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭.

ક્રમાંક: (જીએચએન-૪૮)જીએસટી-૨૦૨૩/એસ.૯(૧)(૫૩)જીએસટી સેલ:- ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૫-મા) ના કલમ ૯ની પેટા-કલમ (૧), પેટા-કલમ (૩) અને પેટા-કલમ (૪), કલમ ૧૧ની પેટા-કલમ (૧), કલમ ૧૫-ની પેટા-કલમ (૫), કલમ ૧૬ની પેટા-કલમ (૧) અને કલમ ૧૪૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, જાહેર હિતમાં તેમ કરવું જરૂરી છે તેવી ખાતરી થયેથી, માલ અને સેવા વેરા કાઉન્સિલની ભલામણોને આધારે, આથી, ગુજરાત સરકારના નાણા વિભાગના તારીખ: ૩૦મી જૂન ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક. (જીએચએન-૩૨) જીએસટી-૨૦૧૭/એસ.૯(૧)(૨)-ઠ, જાહેરનામા ક્રમાંક. ૧૧/૨૦૧૭-રાજ્ય વેરો (૬૨) -માં નીચે પ્રમાણે વધુ સુધારા કરે છે:-

સદરહુ જાહેરનામામાં,-

(ક) કોષ્ટકમાં,

(૧) અનુક્રમાંક ૩ સામે, કોલમ (૩)માં, બાબત (ટચ)માં, નીચેનું સ્પષ્ટીકરણ દાખલ કરવું:-

"સ્પષ્ટીકરણ.- આ બાબત, તારીખ: ૧૬/૦૭/૨૦૨૨-ના જાહેરનામા ક્રમાંક. ૦૩/૨૦૨૨-રાજ્ય વેરો (૬૨)થી તેના ૨૬ થતા પહેલા, તે જાહેરનામામાં વિદ્યમાન હતી તેવા કોષ્ટકના અનુક્રમાંક ૩ સામે, બાબત (૪), (૫) અને (૬)ની પેટા-બાબતોનો ઉલ્લેખ કરે છે.";

(૨) અનુક્રમાંક ૯ સામે, કોલમ (૩)માં, બાબત (૩)માં, પેટા-બાબત (ખ)માં, કોલમ (૫) હેઠળની નોંધોમાં, શરત (૨)માં,-

(ક) "અગાઉના નાણાકીય વર્ષના માર્ચ મહિનાની ૧૫-મી તારીખે અથવા તે પહેલાં", એ શબ્દો, આંકડા અને અક્ષરોને બદલે, "અગાઉના નાણાકીય વર્ષના જાન્યુઆરી મહિનાની ૧-લી તારીખે અથવા તે પછી પણ અગાઉના નાણાકીય વર્ષના માર્ચ મહિનાની ૩૧મી તારીખ કરતા મોડું નહિ" એ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકવા;

(ખ) ચોથા પરંતુક પછી, નીચેનો પરંતુક દાખલ કરવો:-

"વધુમાં, માલ હેરફેર એજન્સી (જી.ટી.એ.) દ્વારા નાણાકીય વર્ષ દરમિયાન પોતે પૂરી પાડેલી સેવા પરનો જીએસટી પોતાને જ ચૂકવવાનો ઉપયોગમાં લેવામાં આવેલો વિકલ્પ, માલ હેરફેર એજન્સી (જી.ટી.એ.) અગાઉના નાણાકીય વર્ષના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અથવા તે પછી પરંતુ અગાઉના નાણાકીય વર્ષના માર્ચ મહિનાની ૩૧મી તારીખથી મોડું નહિ તેમ પરિશિષ્ટ-૬-માં વિપરીત ચાર્જ (reverse charge) તંત્ર (વિપરિત ચાર્જ મિકેનિઝમ) હેઠળ પાછો બદલવા એકરાર રજૂ કરે, તે સિવાય, પછીના વર્ષ અને ભવિષ્યના નાણાકીય વર્ષ માટે ઉપયોગમાં લીધો હોવાનું ગણાશે.";

(૩) અનુક્રમાંક ૨૪ સામે, કોલમ (૩)માં, બાબત (૧)માં, સ્પષ્ટીકરણમાં, ખંડ (૧)માં, પેટા-ખંડ (ઝ) કમી કરવો.

(ખ) પરિશિષ્ટ - ૫-માં,

(૧) પરિચ્છેદ-૨-માં, "જે વર્ષમાં ઉપયોગમાં લીધો હોય તે નાણાકીય વર્ષ", એ શબ્દો અને અક્ષરોને બદલે, "જે નાણાકીય વર્ષની શરૂઆતમાં હું નિયત તારીખે અથવા તે પહેલાં એનેક્ષર ૨જૂ કરીને, વિપરીત ચાર્જ (reverse charge) તંત્ર

(વિપરિત ચાર્જ મિકેનિઝમ) હેઠળ પાછું બદલવાના વિકલ્પનો ઉપયોગ કરું છું પરિશિષ્ટ-૬- ૨જૂ કર્યું છે તે વર્ષ" એ શબ્દો, અક્ષરો અને કૌંસ મૂકવા;

(૨) એનેક્ષરની નોંધમાં, "કોઈપણ નાણાકીય વર્ષ માટે ઉપરના વિકલ્પને ઉપયોગમાં લેવા માટેની અંતિમ તારીખ અગાઉના નાણાકીય વર્ષના માર્ચ મહિનાની ૧૫-મી તારીખ (સુધી) રહેશે" એ શબ્દો, આંકડા, કૌંસ અને અક્ષરોને બદલે, "કોઈ નાણાકીય વર્ષ માટે ઉપરના વિકલ્પનો ઉપયોગ, અગાઉના નાણાકીય વર્ષના જાન્યુઆરી મહિનાની ૧-લી તારીખે અથવા તે પછી પણ અગાઉના નાણાકીય વર્ષના માર્ચ મહિનાની ૩૧-મી તારીખ થી મોડું નહિ એ રીતે કરવો જોઈશે નહિ"

(૧૦) એનેક્ષર ૫ પછી, નીચેનું એનેક્ષર દાખલ કરવું:-

"એનેક્ષર ૬

નમૂનો

વિપરીત ચાર્જ (reverse charge) પદ્ધતિ હેઠળ માલ હેરફેર એજન્સી (GTA) દ્વારા રિવર્ટ કરવાના ઈરાદાથી વિકલ્પ વાપરવા માટે, કોઈ નાણાકીય વર્ષના આરંભ પહેલા ભરવાનો થતો અને હકૂમત ધરાવતા જીએસટી સત્તાધિકારી સમક્ષ રજૂ કરવાનો નમૂનો.

સંદર્ભ ક્રમાંક.-

તારીખ:-

૧. મેંસર્સ ..... ના અધિકૃત પ્રતિનિધિ એવા મેં/અમે..... (વ્યક્તિનું નામ), રવાના દર (ફોરવર્ડ ચાર્જ) હેઠળ નાણાકીય વર્ષ ..... દરમિયાન .....ના રોજ એનેક્ષર ૫ ફાઈલ કરીને અમે પૂરા પાડેલ માલની હેરફેરને સંબંધિત માલ હેરફેર એજન્સી (GTA)ની સેવા પર જીએસટી ચૂકવવાના વિકલ્પનો ઉપયોગ કર્યો હતો;

૨. હું આથી જાહેર કરું છું કે હું નાણાકીય વર્ષ..... માટે વિપરીત ચાર્જ (reverse charge) પદ્ધતિમાં પાછો જવા ઈચ્છું છું:

૩. હું જાણું છું કે આ વિકલ્પ, એક વખત ઉપયોગમાં લીધા પછી, વિકલ્પનો ઉપયોગ કર્યાની તારીખથી એક વર્ષની મુદતની અંદર બદલવાની પરવાનગી આપવામાં આવશે નહિ અને તે (વિકલ્પ), જે નાણાકીય વર્ષ માટે ઉપયોગમાં લેવામાં આવ્યો હોય તે નાણાકીય વર્ષના અંત સુધી માન્ય રહેશે.

કાનૂની નામ:-

માલ અને સેવા વેરા ઓળખ નંબર (GSTIN) :-

પાન નંબર.

અધિકૃત પ્રતિનિધિની સહી:

અધિકૃત સહી કરનારનું નામ:

માલ હેરફેર એજન્સી (GTA)નું પૂરું સરનામું:

(હકૂમત ધરાવતા જીએસટી સત્તાધિકારીની તારીખ સાથેની પહોંચ)

નોંધ: કોઈ નાણાકીય વર્ષ માટે ઉપરના વિકલ્પનો ઉપયોગ અગાઉના નાણાકીય વર્ષના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અથવા તે પછી પણ અગાઉના નાણાકીય વર્ષના માર્ચ મહિનાની ૩૧મી તારીખથી મોડું નહિ એ રીતે કરવો જોઈશે નહિ.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપ ઠાકર,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.02.10 16:45:58 IST